
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૫



शुद्धोहं....निर्विकल्पोहं

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● દ્રવ્યાનુયોગરૂપી દીપક જીવ અને અજીવ સુતત્ત્વોને, પુણ્ય તથા પાપને અને બંધ તથા મોક્ષને ભાવશ્રુતજ્ઞાનનો પ્રકાશ થાય તેવી રીતે વિસ્તારપૂર્વક નિરૂપે છે—પ્રગટ કરે છે. ૧૫૨૦. (શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૪૬)

● ઉસી એક જન્મકે નાશ કરનેવાલે હલાહલ વિષકો ખા લેના અચ્છા હૈ પરંતુ અનંત જન્મોંમેં દુઃખ દેનેવાલે ભોગરૂપી વિષકો ભોગના ઠીક નહીં હૈ. ૧૫૨૧. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૬)

● સંસારમાં સમ્પૂર્ણ કર્મોનો ઉદય સમયે સમયે વાસ્તવમાં તો આત્માને દુર્વાર વજ્રઘાતની માફક ચૂર્ણ કરી નાખે છે. ૧૫૨૨.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા ૨૪૬)

● વે હી મહાપુરુષ ઈસ પરમાત્મપ્રકાશ ગ્રંથકે અભ્યાસ કરનેકે યોગ્ય જાનો, જો ચતુર્ગતિરૂપ સંસારકે દુઃખોંસે ડર ગયે હૈં, ઔર મોક્ષપદકો ચાહતે હૈં. ૧૫૨૩.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૨૦૭)

● જિસ સંસારમેં અનેક ઉપાયોંસે પાલન પોષણ કરકે બઢાઈ હુઈ ભી યહ અપની દેહ ભી અપની નહીં હોતી હૈ વહાં અપને અપને પૂર્વમેં બાંધે હુએ કર્મોંકે વશ પડે હુએ પુત્ર, સ્ત્રી, મિત્ર, પુત્રી, જમાઈ વ પિતા આદિક બિલકુલ જુદે પદાર્થ કિન જીવોંકે અપને પ્રગટપને હો સકતે હૈં ? ઐસા જાન કરકે બુદ્ધિમાન માનવકો સદા અપની બુદ્ધિ અપને આત્મામેં સ્થિર કરની ઉચિત હૈ. ૧૫૨૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૨)

● આ શરીરમાં આત્માની ભાવના અન્ય શરીર ગ્રહણરૂપ ભવાન્તર પ્રાપ્તિનું બીજ છે અને આત્મામાં જ આત્માની ભાવના તે શરીરના સર્વથા ત્યાગરૂપ મુક્તિનું બીજ છે. ૧૫૨૫ (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૪)

● વિષ ભલું, વિષધર-સર્પ ભલો, અગ્નિ કે વનવાસનું સેવન પણ ભલું, પરંતુ જિનધર્મથી વિમુખ એવો મિથ્યાત્વીઓનો સહવાસ ભલો નથી. ૧૫૨૬

(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૨૦)

*

વર્ષ–૧૦
અંક–૪




વિ. સંવત
૨૦૭૧
December
A.D. 2015

## મેરી આત્મા કી મૂક પુકાર હૈ


(સમયસારના ૧૫મી વખતના પ્રવચનમાં શ્લોક નં. ૧૭૮-૧૭૯ ઉપરના પ્રવચનમાં (તા. ૩૦-૯-૧૯૬૭) પૂજ્ય ગુરુદેવશ્રીએ ગાયેલી ભક્તિ)

કહા માનલે ઓ મોરે ભૈયા, શાંતિજીવન બનાના અબ સાર હૈ;
તૂ બનજા બને તો પરમાત્મા, મેરી આત્મા કી મૂક પુકાર હૈ. (ટેક)

માન બુરા હૈ ત્યાગ સજન જો, વિપદ કરે ઔર બોધ હરે;
ચિત્તપ્રસન્નતા સાર સજન જો, વિપદ હરે ઔર મોદ ભરે;
નીતિ તજને મેં તેરી હાર હૈ, વાણી જિનવર કી હિતકાર હૈ;
તૂ બનજા બને તો પરમાત્મા, મેરી આત્મા કી મૂક પુકાર હૈ. ૧


સમય બડા અનમોલ સજન જો, ઈધર ફિરે તો ઉધર ફિરે;
કર નહીં પાયા મૂલ્ય સજન જો, સમય ગયા ના હાથ લગે;
ગુપ્ત શાંતિ કી યહાં ભરમાર હૈ, ઈનકો સમઝે તો બેડા પાર હૈ;
તૂ બનજા બને તો પરમાત્મા, મેરી આત્મા કી મૂક પુકાર હૈ. ૨

ઈસ જીવન કો સફલ બના, યહ પુણ્ય યોગ સે પ્રાપ્ત હુઆ;
બાતોં સે નહીં કામ સજન, કર્તવ્ય સામને ખડા હુઆ;
સુખ શાંતિ કા યે હી દ્વાર હૈ, શિક્ષા દૈનિક મહા હિતકાર હૈ;
તૂ બનજા બને તો પરમાત્મા, મેરી આત્મા કી મૂક પુકાર હૈ. ૩



# સમ્યગ્દર્શનનો અપૂર્વ મંત્ર

(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીનાં સોળમી વખતના પ્રવચન)




જુઓ આ સમ્યગ્દર્શનની અપૂર્વ વાત! પરમપારિણામિક જ્ઞાયકભાવ તેને અનુભનારો શુદ્ધનય ભૂતાર્થ છે....આવા ભૂતાર્થનો આશ્રય તે જ ચાર ગતિના દુઃખના નાશનો, ને સિદ્ધસુખની પ્રાપ્તિનો ઉપાય છે

શુદ્ધનય એટલે અંતર્મુખજ્ઞાનદશા. આત્માને એકરૂપ શુદ્ધસ્વભાવે દેખે છે, ને તે સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય થાય છે. અહીં પર્યાયને 'ગૌણ કરીને' અભૂતાર્થ-વ્યવહાર કહ્યો છે, પણ કાંઈ તેનો અભાવ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળદશાનો કાંઈ આત્મામાં અભાવ નથી, પણ તે પર્યાયનો ભેદ પાડતાં વિકલ્પ ઊઠે છે, ને વિકલ્પ વડે શુદ્ધઆત્મા અનુભવમાં આવતો નથી, માટે કહ્યું કે તે વ્યવહાર અભૂતાર્થ છે.

વ્યવહારનય બધોય અભૂતાર્થ છે, એટલે કે ભેદ-વિકલ્પના જેટલા પ્રકાર છે—સદ્‌ભુત કે અસદ્‌ભુત, ઉપચાર કે અનુપચાર,—તે બધાય અભૂતાર્થ છે, કેમકે તેના વડે સમ્યગ્દર્શન થતું નથી. તે તરફ ઝુકેલી જ્ઞાનપર્યાયરૂપ જે વ્યવહારનય—તે પણ અભૂતાર્થ છે કેમકે તે પર્યાય પણ શુદ્ધાત્માને અનુભવતી નથી. અંતર્મુખ ઢળતી જ્ઞાનપર્યાયરૂપ શુદ્ધનય—તે જ ભૂતાર્થ છે, કેમકે તે શુદ્ધ ભૂતાર્થસ્વભાવને અનુભવે છે, ને તેના વડે જ સમ્યગ્દર્શન થાય છે. માટે આવા ભૂતાર્થસ્વભાવની દૃષ્ટિમાં પર્યાયને ગૌણ કરીને (—અભાવ કરીને નહિ પણ ગૌણ કરીને) વ્યવહાર કહ્યો, અભેદ બતાવવા ભેદને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો, ને ભૂતાર્થસ્વભાવનું લક્ષ કરાવ્યું.—તે સમ્યગ્દર્શન છે. આ રીતે આ ગાથા જૈનશાસનનો પ્રાણ છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો મહામંત્ર આ સૂત્રમાં ભર્યો છે.

જીવ દુઃખી છે....તેને દુઃખથી છૂટવાની આ રીત સંતો બતાવે છે કે જેમાં આનંદસ્વભાવ સદા ભર્યો છે એવા તારા ભૂતાર્થસ્વભાવને દેખ....તો તેના આશ્રયે

> **ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
> **ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.** —**શ્રી પ્રવચનસાર**

સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે, ને દુઃખ મટશે, આ સિવાય બીજો કોઈ ઉપાય છે જ નહિ.

વ્યવહારનય તો ભેળસેળવાળા અશુદ્ધ આત્માને દેખે છે, અથવા અભેદમાં ભેદ ઉપજાવીને કહે છે, તેથી તેવા જ અનુભવથી શુદ્ધઆત્મા અનુભવમાં નથી આવતો, માટે તે સર્વ અભૂતાર્થ છે, જ્ઞાની પોતાને સહજ એક જ્ઞાયકભાવપણે જ અનુભવે છે. આવા અનુભવને જ શુદ્ધનય કહ્યો છે ને તેને ભૂતાર્થ કહ્યો છે, તે સમ્યગ્દર્શન છે. આવા ભૂતાર્થસ્વભાવના અનુભવમાં આખું જૈનશાસન સમાઈ જાય છે.

શુદ્ધનયવડે જ આત્મા કર્મકલંકથી જુદો શુદ્ધ અનુભવાય છે. જેમ પાણીનો સ્વચ્છ સ્વભાવ છે, તે કાદવની સાથે મળતાં મલિન અનુભવાય છે. લોકમાં ઘણાય જીવો (-બધાય નહિ પણ ઘણાય) તો પાણીને મેલું જ દેખે છે, તેના શુદ્ધ સ્વચ્છ–સ્વભાવને દેખતા નથી, પણ કેટલાક કતકફળ (નિર્મલી ઔષધિ) પોતાંના હાથથી નાંખીને કાદાવથી ભિન્ન સ્વચ્છ પાણીને અનુભવે છે, તેમ આત્મા સ્વચ્છ ચૈતન્યસમુદ્ર છે, સમુદ્ર મેલો હોય નહિ, આત્માના શુદ્ધજ્ઞાયકસ્વભાવને નહિ દેખનારા ઘણા જીવો તો વ્યવહારમાં જ વિમોહિત થઈને રાગાદિ સાથે ભેળસેળવાળો અશુદ્ધઆત્મા જ અનુભવે છે. એકલું પાણી મેલું હોય નહિ, મેલ તો કાદવનો છે. તેમ જ્ઞાયકભાવ પોતે મેલો નથી, મેલાં તો કર્મસંયોગે થતા રાગાદિભાવો છે.–આવો વિવેક (ભેદજ્ઞાન) શુદ્ધનયવડે જ થાય છે. આવો બોધ પોતાના પુરુષાર્થવડે થાય છે. અશુદ્ધદૃષ્ટિમાં આત્માનો જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો, પર્યાયમાં તેનો પ્રગટ અનુભવ ન હતો, પણ શુદ્ધનય વડે ભૂતાર્થ સ્વરૂપ જાણીને જ્યાં અંતર્દૃષ્ટિ કરી ત્યાં જ્ઞાયકભાવનો પ્રગટ અનુભવ થયો, એટલે જ્ઞાયકભાવ પ્રગટ્યો.

અરે ! અનંત સંસારમાં રખડતા જીવને નિગોદાદિ ભવોમાં તો ભેદજ્ઞાનરૂપ નિર્મળ ઔષધિની પ્રાપ્તિનો અવસર જ ક્યાં છે ! આ મનુષ્યપણામાં અત્યારે એવા અપૂર્વ ભેદજ્ઞાનનો અવસર મળ્યો છે, માટે પોતે ભેદજ્ઞાન પ્રગટ કરવાની વાત છે. કાંઈ જગતના બધા જીવો આવા શુદ્ધઆત્માને નથી અનુભવતા, મોટા ભાગના જીવો તો વ્યવહારરૂપ (અભૂતાર્થરૂપ) અશુદ્ધપણે જ આત્માને અનુભવે છે, ને એવા અશુદ્ધ અનુભવનું ફળ સંસાર જ છે. શુદ્ધનય અનુસાર આત્માનું શુદ્ધસ્વરૂપ જગતમાં કોઈક વિરલા જીવો જ જાણે છે, ને એવા શુદ્ધસ્વરૂપનો અનુભવ કરનારા જીવો જ આત્માનું સાચું સ્વરૂપ દેખે છે, તેઓ જ સમ્યગ્દૃષ્ટિ છે. એકલી અશુદ્ધતાને અનુભવનારા

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.** **–શ્રી પ્રવચનસાર**

(ગુણભેદના વિકલ્પને અનુભવનારા) જીવો સમ્યગ્દષ્ટિ નથી, આત્માનું સાચું સ્વરૂપ તેઓ દેખતા નથી.

ભૂતાર્થ એવો શુદ્ધસ્વભાવ ત્રિકાળ,
અને અભૂતાર્થ એવા અશુદ્ધભાવો ક્ષણિક,

—એ બંને એક સાથે છે, તેમાં જેઓ એકલા અભૂતાર્થભાવોને જ દેખે છે ને શુદ્ધસ્વભાવને નથી દેખતા તેઓ વ્યવહારમાં જ મૂર્છાયેલા છે—અજ્ઞાની છે ને જેઓ અશુદ્ધતાથી ભિન્ન એવા શુદ્ધસ્વભાવને શુદ્ધનયના પુરુષાર્થ વડે અંતરંગમાં અનુભવે છે તેઓ ભૂતાર્થદર્શી—સત્યદર્શી—સમ્યગ્દષ્ટિ છે.

અહો, સમ્યગ્દર્શન માટે આ અપૂર્વ મંત્ર છે. સંતોએ શુદ્ધાત્માના અનુભવની રીત બતાવીને માર્ગ સુગમ કરી દીધો છે. આ વાત લક્ષમાં લઈને રુચિ જાય તે ન્યાલ થઈ જશે.

## સાધકના નિશ્ચય-વ્યવહાર

જ્ઞાનીની દરેક પર્યાયમાં સહેજે એવું સામર્થ્ય હોય છે કે તે પર્યાય પોતાને અને અખંડ સ્વભાવને જાણે છે. નિશ્ચયવ્યવહાર બંનેના જ્ઞાનસહિત સાધકની પર્યાય પરિણમે છે. તેમાં નિશ્ચયસ્વભાવનો આશ્રય કરે છે, ને પર્યાયના ભેદરૂપ વ્યવહાર તેને માત્ર જાણે છે—પણ તેના આશ્રયમાં અટકતા નથી, માટે તે વ્યવહારને 'જાણેલો' (—આદરેલો નહિ પણ જાણેલો) પ્રયોજનવાન કહ્યો, ને ભૂતાર્થસ્વભાવ પરમ સત્ય પ્રયોજનભૂત આશ્રય કરવાયોગ્ય છે. તેના જ આશ્રયે મોક્ષમાર્ગ સિદ્ધ થાય છે. તેનો આશ્રય કર્યો ત્યારે તો સાધકપર્યાય પ્રગટી, ને ત્યારે જ વ્યવહારનું પણ જ્ઞાન થયું—આ પ્રકારે બે નયની સંધિ છે. પણ વ્યવહારના વિકલ્પના આશ્રયે કલ્યાણ માની લ્યે તો તેને નિશ્ચય કે વ્યવહાર એક્કેયનું ખરું જ્ઞાન થતું નથી, કેમકે તે તો વ્યવહારનો પક્ષ છોડીને ભૂતાર્થસ્વભાવ તરફ દૃષ્ટિ જ કરતો નથી. તેને તો વ્યવહારવિમૂઢ કહ્યો છે. માટે અભૂતાર્થ—વ્યવહારભાવો, અને ભૂતાર્થ—પરમાર્થ એકભાવ—એ બંનેને જાણીને ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરવો. તેની સન્મુખતા કરવી તે પ્રયોજન છે, તે જ સમ્યગ્દર્શનાદિની રીત છે. તેમાં સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો પ્રગટી જાય છે. તે સાધકનો સાચો વ્યવહાર છે.....તે જ તીર્થ એટલે કે તરવાનો ઉપાય અર્થાત્ મોક્ષમાર્ગ છે, તેનું ફળ મોક્ષ છે.

(ક્રમશઃ)

**ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.** **—શ્રી પ્રવચનસાર**




# આત્માના જ્ઞાનનો વેપાર

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૩૦-૪-૪૪, રવિવાર)



ગાથા ૧૧–૧૨ ચાલુ

અહીં શુદ્ધાશુદ્ધ જ્ઞાનસ્વરૂપના પ્રકાર કહે છે. આત્મા છે, તે જ્ઞાન સ્વરૂપ અંતર અખંડ છે, તેનું ભાન તે જ ધર્મ છે. જેને આત્માની ઓળખાણ નથી તે આત્માના સ્વભાવની સાથે સંબંધ કેમ કરશે? આત્મા જ્ઞાન સ્વભાવી છે; જાણવામાં મન અને ઈન્દ્રિય જ્યાં નિમિત્ત છે તે મતિજ્ઞાન; તેના ઘણા પ્રકાર છે.

જ્ઞાનના મતિ આદિ પાંચ પ્રકાર છે; તેમાં મતિજ્ઞાનના ઘણા પ્રકાર છે. આત્મામાં જ્ઞાન ગુણ છે, તેની મતિજ્ઞાન પર્યાય છે, આત્માની અવસ્થા જે ''હું જ્ઞાન છું, રાગ–દ્વેષ–પુણ્ય પાપ તે હું નહીં'' એ મતિજ્ઞાન, તેના ત્રણ પ્રકાર છે. ૧–લબ્ધિ, ૨–ભાવના અને ૩–ઉપયોગ (–જોડાણ).

મતિજ્ઞાનાવરણીયના ઉઘાડથી પુરુષાર્થદ્વારા જે જ્ઞાન ઉઘડ્યું છે તેને લબ્ધિ, ઉપલબ્ધિ કે પ્રાપ્તિ કહેવાય છે. આત્મામાં કેવળજ્ઞાન થાય છે તે મતિજ્ઞાનદ્વારા જ થાય છે. તે મતિજ્ઞાનના ત્રણ પ્રકાર–લબ્ધિ, ભાવના અને ઉપયોગ.

મન અને ઈન્દ્રિય તો જડ છે, પણ આત્મામાં મતિનો ઉઘાડ તે લબ્ધિ, આત્મા તરફના વલણવાળું જ્ઞાન એટલે કે 'હું જ્ઞાન છું' એવી ભાવના તે ભાવના અને જોડાણ એટલે અંદર આત્માના વલણ તરફના ભાવમાં જોડાવું તે ઉપયોગ.

આત્મા તરફ વળતો મતિજ્ઞાનનો ઉઘાડ તે મતિ; તેની ભાવના થતાં લબ્ધિ વધતી જાય અને પછી તેના તરફ તેનું જોડાણ થાય તે ઉપયોગ.

અથવા મતિજ્ઞાનના ચાર પ્રકાર છે; તથા મતિજ્ઞાન છે તે ઘણાં પ્રકારને જાણે છે; તેમાં બહુ, બહુવિધ આદિ બાર ભેદ છે. આ રીતે ઉઘાડ આદિ ત્રણ ભેદ, અવગ્રહ આદિ

**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪. –શ્રી પ્રવચનસાર**

ચાર ભેદ, બહુ–બહુવિધ આદિ બાર ભેદ અને વિસ્તારથી ૩૩૬ ભેદ છે.

મતિજ્ઞાન તે આત્માનું છે, પણ ઉઘાડ ઓછો છે એટલે ક્રમ પડે છે. મતિજ્ઞાન તે દર્શનપૂર્વક થાય છે. દર્શન એટલે શું? દર્શન એટલે મતિજ્ઞાન થવા પહેલાં આત્મામાં વેપાર થાય તેને દર્શન કહે છે; બહારમાં દેખવાની વાત નથી. જ્ઞાન–દર્શન બન્ને અંદરમાં જ થાય છે. આ શરીરાદિ પરને જાણવા પહેલાં તેના તરફનો આત્માનો ઉપયોગ તે દર્શનઉપયોગ છે.

શરીરાદિ જડને જાણવા પહેલાંનો 'આત્માનો વ્યાપાર' એટલે બીજી ચીજનું જ્ઞાન થાય તે પહેલાંનો ચૈતન્યનો વ્યાપાર તે દર્શન છે. મતિજ્ઞાન થાય તે પહેલાં આત્માનો જે વેપાર તે દર્શન. આત્માનો વેપાર થયા પછી વિશેષ જ્ઞાનનું થવું તે અર્થાવગ્રહ. વિશેષ જાણવા પહેલાં આત્મામાં અવ્યક્ત બોધ શરૂ થાય તે વ્યંજનાવગ્રહ. આ બહુ ઝીણી વાત છે, ધ્યાન રાખે તો સમજી શકે તેવી વાત છે; પણ જેણે સાંભળી ન હોય તેને માટે અઘરી છે.

આત્મામાં દર્શન થયા પછી વ્યંજનાવગ્રહ થાય છે; સામો માણસ બોલે છે તે શબ્દના પરિણમનનો આત્મામાં અવ્યક્તબોધ થવા માંડે તે વ્યંજનાવગ્રહ. વ્યંજનાવગ્રહ તે ઉપયોગ છે. તે લબ્ધિનો ભેદ નથી, વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહ એ ઉપયોગરૂપ જ્ઞાન છે. લબ્ધ તે તો અંદર ઉઘાડ છે, આ બધો જ્ઞાનનો ઉપયોગ–વેપાર છે. કેવળજ્ઞાન જેમ પરને આશ્રયે થતું નથી તેમ વ્યંજનાવગ્રહ પરને આશ્રયે થતો નથી. તેથી આ તો કેવળજ્ઞાનનો કક્કો છે. વિશેષ જ્ઞાન થાય તો અર્થાવગ્રહ થઈ જાય છે.

વ્યંજનાવગ્રહનો વેપાર આત્મામાં જ થાય છે, પર પદાર્થ ઉપર લક્ષ કર્યે થતો નથી. તેનો વેપાર તો સહજ થાય છે. અહીં તો આત્મામાં પરનું નિમિત્ત જ નથી એમ સાબિત થયું.

શબ્દ–રૂપ આદિ વ્યક્તપણે જાણવા પહેલાં આત્માનો જે જ્ઞાન ઉપયોગ શરૂ થાય છે તે વ્યંજનાવગ્રહ છે. સામી વસ્તુ હોય તેથી અહીં વેપાર થાય છે એમ નથી, પણ બન્ને એક સાથે હોય છે. શબ્દ, રૂપ, રસ, ગંધ તેને વ્યક્તપણે જાણવા પહેલાં આત્માના જ્ઞાનનો વેપાર આત્મામાં શરૂ થાય છે તે વ્યંજનાવગ્રહ છે, તે જ આત્માની સ્વતંત્રતા જાહેર કરે છે. મતિજ્ઞાનનો ઉપયોગ સ્વતંત્રપણે આત્માથી થાય છે. અર્થાવગ્રહમાં સામી

**જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને ક્યમ દ્રવ્ય એ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫. –શ્રી પ્રવચનસાર**

ચીજનું વ્યક્તજ્ઞાન હોય છે, પરંતુ જ્ઞાનનો ઉપયોગ તેને વ્યક્તપણે જાણવા પહેલાં શરૂ થઈ ગયો છે, તે ઉપયોગને વ્યંજનાવગ્રહ કહેવાય છે.

આત્માનો ભેદરહિત સામાન્ય ચૈતન્યવેપાર તે દર્શનઉપયોગ છે. દર્શનઉપયોગ આત્માને અભેદરૂપ ગ્રહણ કરે છે એટલે તેમાં પદાર્થનો બોધ ન આવ્યો પણ આત્માનો જ નિરાકાર ચૈતન્યવેપાર આવ્યો. 'બધા પદાર્થો છે' એમ દર્શન જાણતું નથી પરંતુ જ્ઞાન જાણે છે. હું આત્મા છું અને આ પર પદાર્થ છે એવું જાણ્યું તે વિશેષજ્ઞાન થયું છે.

અહીં તો આત્માના દર્શન અને જ્ઞાનઉપયોગમાં સ્વતંત્રતા જ જાહેર કરી છે. પર પદાર્થો જ્ઞાનમાં જણાય છે પરંતુ તેનાથી તારો ઉપયોગ પ્રગટતો નથી, જેટલો ઉઘાડ છે તેટલો ઉપયોગ તારા જ્ઞાનથી થાય છે. "આ રૂપ છે, આ ગંધ છે" એ આદિ જાણવારૂપ આત્માનો વિશેષ વ્યાપાર તે અર્થાવગ્રહ છે અને "આ રૂપ છે" એ આદિ પ્રગટરૂપ જાણવા પહેલાં આત્માનો જ્ઞાનઉપયોગ શરૂ થવો તે વ્યંજનાવગ્રહ છે. તે વ્યંજનાવગ્રહ થતા પહેલાં દર્શનનો વેપાર થાય છે. દર્શન પર પદાર્થોને વિષય કરતું નથી, દર્શનનો વિષય મહાસત્તા છે, એકલો સામાન્યરૂપ આત્મા તે જ મહાસત્તા છે. 'આ બધા પર પદાર્થો છે અને હું આત્મા છું' એમ જાણવું તે જ્ઞાન છે. આત્મા સત્તા છે તેનો, કોઈ પદાર્થના બોધથી ખાલી વેપાર તે દર્શનઉપયોગ છે.

આ દર્શનઉપયોગ તથા વ્યંજનઅવગ્રહ અને અર્થાવગ્રહ તો અજ્ઞાની અને જ્ઞાની બંનેને નીચલી દશામાં થઈ જ રહ્યા છે. કેવળીની આ વાત નથી, તેમને તો પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન છે, તેમના ઉપયોગમાં અવગ્રહાદિ ભેદ હોતા નથી, તથા દર્શન—જ્ઞાનઉપયોગ પણ તેમને એક સાથે જ હોય છે.

શબ્દો તો જ્ઞેય—પરવસ્તુ છે તે શબ્દ કાને પડવાથી વ્યંજનાવગ્રહ શરૂ થતો નથી, પરંતુ મતિજ્ઞાનની જે શક્તિ (ઉઘાડ) છે તે જ ઉપયોગરૂપે અવ્યક્તપણે શરૂ થાય છે, તે વ્યંજનાવગ્રહ છે. તે વ્યંજનાવગ્રહ પછી શબ્દ વગેરેનું જે વિશેષજ્ઞાન (વ્યક્તજ્ઞાન) થાય છે તે અર્થાવગ્રહ છે. તે બંનેમાં જ્ઞાનનો વેપાર અંદરથી શરૂ થાય છે, સામે પર વસ્તુ હાજર હોય છે પરંતુ તેનાથી જ્ઞાન થતું નથી. એક અંશથી માંડીને પૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન સુધી બધું જ્ઞાન સ્વતંત્ર છે. પરની સાથે જ્ઞાનનો સંબંધ કહેવો તે તો ઉપચારની બોલણી છે અર્થાત્ ઈન્દ્રિય અને મન દ્વારા જ્ઞાન થાય છે એમ કહેવું તે

**જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,**
**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં? ૧૦૬. –શ્રી પ્રવચનસાર**

નિમિત્તનું કથન છે. ખરેખર જ્ઞાન પોતે ઉપયોગરૂપે થવા માંડ્યું છે. આ બાબત શ્રી જયધવલાજી★ શાસ્ત્રમાં એવા આશયથી કહ્યું છે કે–ઇન્દ્રિય અને મનથી જ્ઞાન થતું નથી કારણ કે આત્માનું સામાન્યજ્ઞાન ત્રિકાળ છે તે સામાન્ય વિશેષ વગરનું હોય નહિ. જ્ઞાનનું વિશેષ તે સામાન્ય જ્ઞાનના જ પરિણમનથી થયું છે. જો તે વિશેષજ્ઞાન ન હોય તો સામાન્યજ્ઞાન પણ ન હોય. સામાન્યના જ પરિણમનથી વિશેષ જ્ઞાન થાય છે માટે જ્ઞાન સ્વતંત્ર છે, તેમાં ઇન્દ્રિય કે મનની સહાય નથી. જે વિશેષજ્ઞાન (ઉપયોગરૂપ જ્ઞાન) થાય છે તે ઇન્દ્રિથી થતું નથી, કેમ કે જો વિશેષ જ્ઞાન ઇન્દ્રિયથી થાય તો તે વખતે સામાન્યજ્ઞાનનું વિશેષ ન રહ્યું; પરંતુ સામાન્ય કદી વિશેષ વગર ન હોય માટે સામાન્ય અને વિશેષ થઈને જે જ્ઞાન છે તે જ્ઞાનથી જ વિશેષજ્ઞાન થાય છે. ઇન્દ્રિય કે મનથી જ્ઞાન થતું નથી. પરોક્ષ જ્ઞાનમાં ઇન્દ્રિય તથા મનનું અવલંબન કહ્યું છે તે તો માત્ર જ્ઞાન કરતી વખતે તેની હાજરી હોય છે તે બતાવવા કહ્યું છે, પણ તેનાથી ખરેખર જ્ઞાન થતું નથી. જ્ઞાનના ઉપયોગમાં જે અવગ્રહાદિ ખંડ પડે છે તે પોતાના કારણે છે તથા પૂર્ણજ્ઞાન અખંડ છે તે પણ પોતાના કારણે છે, પરવસ્તુના કારણે જ્ઞાનમાં ખંડ પડતા નથી.

કેવળજ્ઞાન અખંડ છે તેથી તેનું કારણ પણ અખંડ જ હોય. મતિ–શ્રુતને કેવળજ્ઞાનનું કારણ વ્યવહારે કહેવાય છે. જે મતિ–શ્રુતજ્ઞાને પોતાના સ્વભાવનો નિશ્ચય કર્યો તે જ્ઞાન અખંડ છે પરંતુ તે અપૂર્ણ છે; તે 'અખંડ અપૂર્ણ જ્ઞાન' વ્યવહારે કેવળજ્ઞાનનું કારણ છે, નિશ્ચયકારણ તો અખંડ વસ્તુ છે, અખંડ વસ્તુના આધારે કેવળજ્ઞાન પર્યાય પ્રગટે છે. જે જ્ઞાન આત્મસ્વભાવ તરફ વળ્યું તે જ્ઞાન આત્મા સાથે અભેદ થયું હોવાથી અખંડ છે. સ્વ તરફ વળેલું અંશે અખંડજ્ઞાન તે પૂર્ણ અખંડ કેવળજ્ઞાનનું કારણ છે પરંતુ તે અપૂર્ણ છે તેથી તે વ્યવહારકારણ છે, પરમાર્થકારણ તો ત્રિકાળ અખંડ આત્મદ્રવ્ય છે.

પ્રથમ અખંડજ્ઞાનનો અંશ પ્રગટ્યા પછી પૂર્ણઅખંડજ્ઞાન પ્રગટે છે. અખંડનો અંશ તે પણ પૂર્ણઅખંડની અપેક્ષાએ ખંડ છે, જો કે તે ખંડ છે તોપણ જેટલું છે તેટલું રાગ વિનાનું છે તેથી અખંડ છે, અને તે કેવળજ્ઞાનનું સાધક છે. મતિ–શ્રુતજ્ઞાન જો અખંડસ્વભાવ તરફ વળે તો તે કેવળજ્ઞાનના સાધક થાય પણ જો મતિ–શ્રુતજ્ઞાન પોતા

★ શ્રી જયધવલાના આ વિષય ઉપર વ્યાખ્યાન થઈ ગયું છે તેમાં અત્યંત સુંદર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે–તે માટે જુઓ, "આત્મધર્મ–માસિક અંક–૨૧ નો શ્રુતપંચમીનો વધારો."

**'સત્ દ્રવ્ય', 'સત્ પર્યાય', 'સત્ગુણ'—સત્ત્વનો વિસ્તાર છે;**
**નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭. –શ્રી પ્રવચનસાર**

તરફ જરાય ન વળે તો કેવળજ્ઞાનના સાધક થાય નહિ. જે જ્ઞાન પોતા તરફ વળ્યું તે કેવળજ્ઞાનનું વ્યવહારે સાધક છે, અને જે જ્ઞાન રાગમાં કે પરમાં અટકે છે તે ખંડિત થતું જ્ઞાન સાધક થતું નથી. નિશ્ચયથી તો દ્રવ્ય જ કેવળજ્ઞાનનું કારણ છે; અપૂર્ણજ્ઞાન તે પૂરાનું કારણ પરમાર્થે નથી. પૂરાનું કારણ તો પૂરું જ હોય, પણ સદ્ભુતવ્યવહારનયથી મતિ–શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનું કારણ કહેવામાં આવે છે.

અનાદિકાળથી વસ્તુના સાચા સ્વરૂપની ખબર નથી, તેની અવસ્થા શું તે જાણ્યું નથી અને વિકારી અવસ્થાને પોતાનું સ્વરૂપ માનીને જીવ અનાદિથી સંસારમાં રખડે છે, જો પોતાના સ્વરૂપની સાચી સમજણ કરે તો સંસારનો અંત આવે. આ તત્ત્વ જેણે સાંભળ્યું નથી તેને આકરું લાગે પણ આ વાત ઘણા પ્રકારથી સ્પષ્ટ આવી છે તેથી જે સમજવા ધારે તે સમજી શકે તેવું છે. પોતાના સ્વરૂપની વાત છે તે પોતે જરૂર સમજી શકે છે.

દર્શન ઉપયોગમાં એકલો આત્મવેપાર છે, દર્શનોપયોગ પછી પરપદાર્થના પ્રગટ જ્ઞાન વિનાનો આત્મામાં જ્ઞાનનો ઉપયોગરૂપ વેપાર તે વ્યંજનાવગ્રહ છે; વ્યંજનાવગ્રહ તે વિશેષ જ્ઞાન છે, દર્શન તેનાથી જુદું છે. દર્શન તો નિરાકાર છે અને જ્ઞાન સાકાર છે; નિરાકાર એટલે પર પદાર્થના બોધરહિત, સામાન્ય. સાકરનો અર્થ પરનો આકાર નહિ પણ જ્ઞાનમાં વિશેષરૂપે બોધ થવો અર્થાત્ સ્વ–પરનું જ્ઞાન થવું એવો સાકારનો અર્થ છે. “હું જ્ઞાન છું” એમ જાણનાર જ્ઞાન જ છે, જ્ઞાન સાકાર છે. જ્યારે વ્યક્તપણે જાણે ત્યારે જ્ઞાનમાં અર્થાવગ્રહ હોય છે અને વ્યક્તપણે જાણવા પહેલાં આત્મામાં જ્ઞાનનો જે વ્યાપાર શરૂ થાય છે તે વ્યંજનાવગ્રહ છે. વ્યંજનાવગ્રહમાં ચક્ષુ અને મનનો વિષય નથી અર્થાત્ ચક્ષુ અને મનદ્વારા વ્યંજનાવગ્રહ થતો નથી.

આત્મા પોતાથી ત્રિકાળ એકરૂપ છે, નિગોદમાં પણ પોતાના સ્વભાવથી એકરૂપ હતો. અજ્ઞાનદશામાં જીવ પોતાથી જ પોતાના સ્વભાવને ભૂલીને પરિણમે છે, અને જ્ઞાનદશામાં પણ પોતાથી જ પોતાના સ્વભાવને ઓળખીને પરિણમે છે. “હું રાગી છું, દ્વેષી છું, પરનું હું કરું છું” વગેરે ઊંધી માન્યતાથી જીવ અજ્ઞાનરૂપે પરિણમે છે, અને “હું ત્રિકાળ પૂર્ણ જ્ઞાનસ્વભાવી છું, મારા સ્વભાવમાં રાગ–દ્વેષ નથી, મારા જ્ઞાનમાં પરની સહાય નથી,” આવી સાચી માન્યતાથી જીવ જ્ઞાનરૂપે પરિણમે છે.

જ્ઞાનની નિર્મળ પર્યાયમાં પરપદાર્થ જણાય છે પરંતુ પરપદાર્થ જ્ઞાનમાં ઝળકતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ જ સ્વ–પરને જાણનાર છે, તેથી પરવસ્તુને તે જાણે છે. ગમે તેવડી અને ગમે તેવી વસ્તુ હોય તોપણ તેને જાણી લ્યે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. જ્ઞાન તો અસંખ્યપ્રદેશી અરૂપી–આકારે છે, તેમાં કોઈ પર પદાર્થનો આકાર પડતો નથી.

(ક્રમશઃ) ❊



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે દેવગતિના દુઃખોનું વર્ણન કરે છે.

**अह कह वि हवदि देवो तस्स वि जाएदि माणसं दुक्खं ।**
**दट्ठूण महड्ढीणं देवाणं रिद्धि–सम्पत्ती ।।५८।।**

**અર્થ :—**અથવા (કદાચિત્) મહાન કષ્ટથી દેવપર્યાય પણ પામે ત્યાં પણ મહાન ઋદ્ધિધારક દેવોની ઋદ્ધિસંપદા જોઈને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. ૫૮.

જુઓ, આ મિથ્યાદૃષ્ટિ જીવોનાં દુઃખનું વર્ણન છે, તેથી તેના પુણ્યને પણ મહાન કષ્ટ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને એકાદ ભવ હોય ને અલ્પ રાગ હોય તેની અહીં વાત નથી. જ્ઞાયક ચૈતન્યસ્વભાવનું જેને ભાન નથી તેને પુણ્યમાં પણ મહાકષ્ટ છે. તે દયા-દાન-વ્રત-તપ જે કરે તે બધુ ક્લેશરૂપ છે, અંદર સહજ સ્વભાવનું ભાન નથી એટલે બહારમાં ઉપવાસાદિ કરે તેમાં તેને બોજો છે, એકલા રાગનો ભાર છે. તેવા જીવો મહાકષ્ટથી દેવપણું પામે તો ત્યાં પણ તેઓને બીજા મોટા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને મનમાં દુઃખ થાય છે.

અહીં ''दठ्ठुणं'' એમ કહ્યું છે, ધર્મીને તો અંદરમાં ચૈતન્યમૂર્તિ આત્મા પ્રત્યક્ષ છે, મિથ્યાદૃષ્ટિ તો એકલા સંયોગને જ દેખે છે. ચૈતન્યની ઋદ્ધિ તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ નથી. રાગ અને મનના અવલંબન વગર જ્ઞાન વડે જાણવું તે પ્રત્યક્ષ છે. ધર્મીએ પોતાના આત્માને જ્ઞાનમાં પ્રત્યક્ષ કર્યો છે, તેથી બહારમાં સંયોગની ઋદ્ધિ કોઈને વધારે દેખીને પણ તેને દુઃખ થતું નથી. કેમ કે તેને તો પોતાના અંતરમાં સદા ચૈતન્યઋદ્ધિની વૃદ્ધિ જ દેખાય છે.

ધર્મી તો પોતાની ચૈતન્યસંપદાને પ્રત્યક્ષ જાણતો થકો, પરને જાણે છે, એટલે સંયોગમાં પોતાના કરતાં વધારે ઋદ્ધિ બીજાને દેખીને પણ તેને દુઃખ થતું નથી. અજ્ઞાનીને તો બહારમાં પર જ દેખવાનું છે. સ્વ વિષય તો તેની દૃષ્ટિમાં આવ્યો નથી. ધર્મીને સ્વવિષયની દૃષ્ટિ અને મહિમા પ્રગટ્યો છે એટલે બહારમાં થોડા સંયોગો હો કે વધારે

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**—આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮. –શ્રી પ્રવચનસાર**

સંયોગ હો તો તેને ફેર પડતો નથી. એટલે તેને ચૈતન્યની ભાવના છૂટીને દુઃખ થતું નથી.

અહો! દેવપર્યાયમાં પણ સંયોગાધીન દૃષ્ટિવાળો જીવ દુઃખી છે. આવી ભાવના ભાવનાર ધર્મીને પોતાને સંયોગદૃષ્ટિ હોતી નથી. સ્વભાવનું સુખ જેને ભાસ્યું છે તે જીવ દેવલોકનાં સુખને પણ દુઃખપણે જાણે છે. જે જીવ દેવના દુઃખને વિચારે છે તેને દેવનો સંયોગ જેનાથી મળે એવાં પુણ્યની રુચિ હોય નહિ. તે આત્માને પ્રત્યક્ષપણે જાણે છે ને પરને તો અનુમાનથી દુઃખી નક્કી કરે છે. સ્વભાવનું અંશે પ્રત્યક્ષ જ્ઞાન થયું તે એમ જાણે છે કે આ રાગ દુઃખદાયક છે. રાગ ટળીને જ્ઞાનની પૂર્ણતા થાય તેમાં પૂર્ણ સુખ છે.

દેવગતિ પણ દુઃખદાયક છે—એમ ભાવના ભાવનારે પોતાના મૂળ સ્વભાવને દેખ્યો છે. જ્ઞાનનો (સમ્યગ્જ્ઞાનનો) પ્રત્યક્ષ અંશ પ્રગટ્યો છે ને રાગને દુઃખદાયક જાણ્યો છે, તેને બીજા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને દુઃખ થતું નથી. અજ્ઞાની તો સંયોગને જ દેખનારો છે, તેથી બહારમાં બીજાને વધારે સંયોગ દેખતાં તેને અંદર આકુળતા થાય છે, પણ પુણ્ય અને પુણ્યના ફળથી રહિત ચૈતન્યસ્વભાવની ઋદ્ધિનું જેને ભાન પ્રગટ્યું છે એવો જીવ પુણ્ય કે પુણ્યનાં ફળ બન્નેને હેય જાણે છે, માટે ઓછા સંયોગ કે વધારે સંયોગ—તેને કારણે ધર્મીને ચિંતા થતી નથી, એવો ધર્મી જીવ સંસાર ભાવના ચિંતવીને પોતાની વીતરાગતા વધારે છે.

શરીરમાં છેદન-ભેદન વગેરે પ્રતિકૂળતા થાય તે ખરેખર દુઃખ નથી, પણ સંયોગ તરફની લાગણીથી માનસિક ચિંતા કરે છે તેનું દુઃખ છે. તે જ પ્રમાણે સ્વર્ગમાં બહારની અનુકૂળતા હોય—તેથી કાંઈ સુખ નથી, ત્યાં પણ સંયોગ તરફના વલણવાળો જીવ માનસિક ચિંતાથી દુઃખી જ છે.

જેને સ્વભાવની દૃષ્ટિ નથી, રાગ વગરનું જ્ઞાન પ્રગટ્યું નથી ને બહારમાં પુણ્ય અને પુણ્યના ફળની મીઠાશ છે તે જીવ બહારમાં બીજા પાસે પોતાના કરતાં વધારે ઋદ્ધિનો સંયોગ દેખતાં મનમાં આકુળતાથી દુઃખી થાય છે. તેને આખા જગતની ઋદ્ધિનો સંયોગ લેવાની ભાવના છે. અંદર આખી ચૈતન્યઋદ્ધિ છે તેને તેનું ભાન નથી એટલે બહારમાં સંયોગ વધારે લેવા માગે છે.

મુનિવરો ભાવના ભાવે છે કે અહો! બારમાં દેવલોકનો ભવ હો કે પહેલા દેવલોકનો ભવ હો—એ બન્ને ભવ જેનાથી મળે તે ભાવ જ દુઃખદાયક છે. સંયોગમાં

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ ‘સત્’-અવિશિષ્ટ છે;**
**‘દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે’—એ જ આ ઉપદેશ છે. ૧૦૯. –શ્રી પ્રવચનસાર**

તો સુખ નથી ને સંયોગ તરફની લાગણીમાં પણ સુખ નથી. સુખરૂપ તો મારો આનંદકંદ સ્વભાવ છે—આવી દૃષ્ટિમાં ધર્મીને સંયોગ દેખીને દુઃખ થતું નથી. જે જીવ સ્વભાવને આધીન નથી તે જીવ સંયોગાધીન ભાવથી દુઃખી જ છે. સંસાર એટલે સંયોગ તરફનું વલણ તેમાં ક્યાંય સુખ નથી.

અંદરમાં ચૈતન્યને ભાળતો નથી-દેખતો નથી એટલે બહારમાં સંયોગને જ દેખે છે એટલે બીજાને વધારે સંયોગ દેખતાં તેને એમ થાય છે કે અરેરે! મેં પુણ્ય ઓછાં કર્યાં ને મને થોડી ૠદ્ધિ મળી! પણ એમ નથી વિચારતો કે 'મેં ધર્મ ન કર્યો.' જો ધર્મનો વિચાર કરે તો તો અંદરમાં વલણ થાય, ને સંયોગબુદ્ધિની આકુળતા છૂટી જાય. અહો! આખો સંસાર દુઃખદાયક! અંતર્મુખ સ્વભાવથી છૂટીને બહારમાં લાગણી જાય તે દુઃખ છે. સ્વભાવની અંતર્મુખ દશામાં સુખ છે—એમ ધર્મી જીવ ભાવ કરીને વૈરાગ્ય વધારે છે.

કોઈ ધર્મી જીવ સર્વાર્થસિદ્ધિમાં જાય ને બીજો સમકિતી પહેલાં સ્વર્ગે જાય—તો ત્યાં તે સમ્યગ્દૃષ્ટિને બીજાની ૠદ્ધિ દેખીને ઈર્ષા કે દુઃખ થતું નથી, કેમ કે ધર્મી જીવની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર છે. પર્યાયના ભેદ ઉપર પણ જેની દૃષ્ટિ નથી, તેને બહારના સંયોગની દૃષ્ટિ તો ક્યાંથી હોય? ઓછી-વધતી પર્યાય ઊઘડે તેના ઉપર પણ ધર્મીની દૃષ્ટિનું વજન ક્યાંથી હોય? એટલે તેને દુઃખ કે ચિંતામાં અટકવાનું થતું નથી. સંયોગ ઓછા–વધતાં દેખીને અજ્ઞાની જીવને દુઃખ થાય છે. ધર્મીને અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે, ત્યાં ત્રણ કાળના જીવોની હીનાધિક પર્યાય, ઓછાં-વધતાં પુણ્ય કે ઓછા-વધતાં સંયોગ–એ કોઈ ઉપર ધર્મીની દૃષ્ટિની મુખ્યતા નથી. એટલે તેને બીજાને વધારે સંયોગ દેખીને ઈર્ષા હોતી નથી. તેને પુણ્યમાં કોઈ મોટો હોય તો ત્યાં પુણ્યનું કે સંયોગનું બહુમાન આવતું નથી, પણ ધર્મીનું બહુમાન આવે છે.

જેને ત્રિકાળી ચૈતન્યૠદ્ધિની દૃષ્ટિ અને બહુમાન થયું છે તેને વર્તમાન પર્યાયની હીનતા કે અધિકતા દેખીને પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી, તેમ જ ભૂત કે ભવિષ્યની પર્યાયની હીનતા-અધિકતામાં પણ ખેદ થતો નથી અને એ જ પ્રમાણે પુણ્યમાં કે સંયોગની હીનાધિકતામાં પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી. અજ્ઞાની જીવ વર્તમાનને દેખીને ત્રિકાળીને ભૂલે છે ને ધર્મી તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ દેખીને ત્રિકાળી સાથે વર્તમાનની સંધિ કરે છે. મૂળ સ્વભાવની દૃષ્ટિ વગર અજ્ઞાની જે કાંઈ કરે તે તો બધું "આકાશમાં ઝાડ ઉગાડવા" જેવું છે.

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦. –શ્રી પ્રવચનસાર**

જુઓ, આ ભાવના! સ્વભાવદૃષ્ટિપૂર્વકની આ ભાવનાઓ છે. પૂર્ણ ઋદ્ધિસંપન્ન ચૈતન્ય ભગવાન આત્મા છે, તેની જેને દૃષ્ટિ થઈ છે તેવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને પર્યાયની હીનતા—અધિકતા કે શુભ-અશુભભાવ દેખીને તેની મોટાઈ કે આશ્ચર્ય થતું નથી. છઠ્ઠા ગુણસ્થાને મુનિ વર્તતા હોય ને અશુભભાવ વર્તતો હોય, સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાને હોય ને તીર્થંકર નામકર્મ બંધાય એવો શુભભાવ હોય, ત્યાં તેવી વિચિત્રતા દેખીને ધર્મીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તેને પર્યાયની બુદ્ધિ નથી, તેની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર પડી છે, તેથી બીજાને પુણ્યની અધિકતા કે સંયોગની અધિકતા દેખીને તેને ચિંતા કે દુઃખ થતું નથી પોતાની નબળાઈના અલ્પરાગનું દુઃખ હોય તેની અહીં વાત નથી. ધર્મી જાણે છે કે પુણ્યથી કે પુણ્યના ફળથી મારી મોટાઈ નથી, મારી ચૈતન્યઋદ્ધિનું ફળ બહારમાં ન આવે. વધારે સંયોગ મળવો તે પુણ્યનું ફળ છે, પણ પુણ્ય જ હું નથી. હું તો અખંડ ચૈતન્યઋદ્ધિવાળો છું—એવી દૃષ્ટિમાં ધર્મીને બહારના સંયોગનું ઓછા-વધતાપણું દેખીને તેમાં મહિમા કે ખેદ થતો નથી.

એક સમ્યગ્દૃષ્ટિ દેડકું હોય ને બીજો સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય, ત્યાં તે બન્નેને સંયોગમાં સુખની બુદ્ધિ નથી, બન્નેની દૃષ્ટિ સંયોગમાંથી ઊડી ગઈ છે. ચક્રવર્તીનો વધારે સંયોગ દેખીને તેને તેમાં મોટાઈ લાગતી નથી ને દેડકાને ચિંતા કે ખેદ થતો નથી.

સંયોગ મળવો તે તો પૂર્વના પુણ્યનું ફળ છે. આમ જેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પણ પ્રતીત રહેતી નથી. ઓછા પુણ્યમાં વધારે સંયોગ માને તો તેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી. આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો દ્રવ્યને લક્ષમાં રાખીને અદ્‌ભુત ભાવનાઓ વર્ણવી છે; તેમાં શાસ્ત્રકારની મુનિદશા સાક્ષાત્ દેખાય છે. દેવપણાની ઋદ્ધિ દેખીને જેને તેનો મહિમા આવે તે જીવ સમ્યગ્દૃષ્ટિ નથી પણ મૂઢ છે. અરે ભાઈ! તારે કોની ભાવના કરવી છે? સંયોગમાં એકાગ્ર થવું છે કે સ્વભાવમાં? જેને સ્વભાવની ઋદ્ધિનો મહિમા આવે તેને સંયોગનો મહિમા રહે નહિ.

લોકો જાણે કે બહારમાં ફેરફાર કરી નાખીએ તે બહારના સંયોગ ભેગા કરીને તેમાંથી સુખ મેળવી લઈએ, પણ અરે ભાઈ! તારું સુખ સંયોગમાં નથી. અરે! જુઓ તો ખરા! આ સર્વજ્ઞની વાણી! સંતોની રચના તો જુઓ! સર્વજ્ઞના માર્ગ સિવાય બીજાનો એક અક્ષર પણ સાચો નથી, બીજે તો બધુંય વિપરીત છે. સત્ય વાત સમજ્યા પહેલાં પણ ઓઘે—ઓઘે તેનું બહુમાન કરીને જે હા પાડે છે, તે જીવને બીજી વિપરીતતાનો આદર

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં**
**સદ્‌ભાવ-અણસદ્‌ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧. –શ્રી પ્રવચનસાર**



# સર્વજ્ઞની સિદ્ધિ અને સાચા જૈનીનું કાર્ય

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

તેમ જેટલું ધન વગેરે સાચા દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના આદિમાં ખર્ચાશે તે ભાવનું ફળ મારા ઘરમાં રહેવાનું છે અને જેટલું ભેગું કરી રાખ્યું હશે તે કાંઈ મારી સાથે રહેવાનું નથી. આવો વિવેક કરીને યથાશક્તિ તન-મન-ધન દેવ-ગુરુ-ધર્મ ખાતર કાઢ. ડોશીને વિવેક કરતાં આવડ્યો તેટલો વિવેક પણ તને નહીં આવડે ? તારા પુરુષાર્થથી જેટલી તૃષ્ણા ઘટાડ તેટલું તારા ઘરમાં રહેશે. જ્યાં સુધી મુનિપણું ન પ્રગટે ત્યાં સુધી ઉત્તમ ગૃહસ્થ હોય તે લક્ષ્મીનો ચોથો ભાગ, મધ્યમ હોય તે છઠ્ઠો ભાગ અને જઘન્ય હોય તે દસમો ભાગ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે શુભકાર્યમાં જરૂર કાઢે. ઈન્કમટેક્ષ (આવકવેરો) ભરવો પડે છે તે કેમ આપો છો ? તેમ અહીં દેવ-ગુરુ-ધર્મને માટે પણ શક્તિ અનુસાર તન-મન-ધન કાઢવા જોઈએ. જો તને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવનાનો ઉલ્લાસ નથી આવતો તો તને ધર્મકાર્ય ફિક્કાં લાગ્યા છે, આ ઉપરથી તારું ભવિષ્ય જ ખરાબ જણાય છે.

ભાઈ ! તારે સારું કરવું છેને ! જેને પોતાનું હિત કરવું હોય તેને માટે આ વાત છે, જેને પોતાની દરકાર નથી એવાને માટે અહીં વાત નથી. ભમરો ગૂંજારવ કરતો કરતો ફૂલની કળી ઉપર બેસે ત્યાં ફૂલની કળી ખીલી ઉઠે, પણ લાકડાં ઉપર બેસે તો કાંઈ લાકડાં ખીલે નહીં. તેમ આચાર્યદેવ કહે છે કે અમે અધ્યાત્મરસનો ગૂંજારવ કરીએ છીએ ત્યાં જે ભવ્ય જીવ નજીક મુક્તિગામી હશે તે તો અંતરથી ખીલી ઉઠવાના, પણ જે દીર્ઘ સંસારી જીવો હશે તેમને આ અધ્યાત્મરસનો ઉપદેશ નહિ રુચે.

લોભરૂપી કૂવામાંથી જગતના પ્રાણીઓને બહાર કાઢવા માટે શ્રી પદ્મનંદી-પંચવિંશતિકામાં દાનનો ઉપદેશ કર્યો છે. ત્યાં કહ્યું છે કે જ્યાં સુધી ગૃહસ્થદશામાં છો ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રને માટે તન, મન, ધન લગાવ્યા કરો. પૈસા ખરચવાથી ખૂટી જતા નથી, પણ પુણ્ય ખૂટે પૈસા ખૂટી જાય છે; પૈસા ખરચવાથી ખૂટી જશે એમ માનનારને પુણ્યની પણ શ્રદ્ધા નથી. પુણ્ય હશે ત્યાં સુધી પૈસા ખૂટશે નહીં અને પુણ્ય ખૂટ્યા તો લાખ ઉપાયે પણ રહેશે નહીં.

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો ક્યમ અન્ય એ? ૧૧૨. –શ્રી પ્રવચનસાર**

આ વાત એકલા ભાઈઓને જ લાગુ પડે અને બહેનોને લાગુ ન પડે એમ નથી, આ તો ભાઈ-બહેનો બધાને સરખી લાગુ પડે છે. ભાઈઓ દાન કરી શકે તો શું બહેનોને દાનાદિ કાર્યોમાં પૈસા ખરચવાનો હક્ક નથી? બાયડી તે શું પુરુષનું રમકડું છે? બાયડીને સારું લગાડવા માટે કહે કે જો આ તારા માટે દાગીનો કરાવ્યો છે; તો પછી તે દાગીનો વેચીને દાનમાં ખરચવાનો હક્ક બાયડીને ખરો કે નહીં? રસોડામાં રસોઈ કરીને તને જમાડવો એટલો જ શું એનો હક્ક? પૈસા વગેરે ખર્ચવામાં પણ તેનો અર્ધો હક્ક હોવો જોઈએ. બાયડી પણ ચોકખું સંભળાવી દે કે અમે પણ પુણ્ય લઈને આવ્યા છીએ. અમને પણ ધન ખરચવાનો હક્ક છે. ગરજ ટાણે અર્ધાંગના....અર્ધાંગના કરો છો, તો પછી પૈસામાં પણ અર્ધો ભાગ ખરો કે નહીં? અમારી ઈચ્છા પ્રમાણે અમે દાનાદિ ન કરી શકીએ તો શું અમારે એ અર્ધા ભાગને પૂજવો છે? શું રસોડામાં જ આખી જિંદગી ગાળવા માટે આવ્યા છીએ? અમને પણ દેવ-ગુરુ-ધર્મની ભક્તિ છે તો અમે પણ તેમાં ઈચ્છાનુસાર ધન ખર્ચીશું. મંદિરમાં ભગવાનની આરતી બોલવાના ભાવ થાય અને વધારે ઘી બોલવું પડે તો ભાઈ સાહેબને બાઈઓએ પૂછવું જોઈએ! જુઓ તો ખરા ધર્મની રુચિ કેવી છે?

સાચા દેવ, ગુરુ, ધર્મને ઓળખીને તેમની પૂજા, ભક્તિ, પ્રભાવના વગેરેમાં ઉલ્લાસપૂર્વક તન, મન, ધન, જ્ઞાન, શ્રદ્ધા વગેરે લગાવશો ત્યારે તો હજી બાહ્ય જૈની બનશો, ગૃહીત મિથ્યાત્વ છૂટશે. આ તો હજી સ્થૂળ મિથ્યાત્વ છૂટવાની—વ્યવહારું જૈન બનવાની વાત કહેવાય છે. વિશેષ કહેવાશે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ)

કરનારા જીવો કરતાં તો ફેર પડ્યો છે. ભલે હજી સ્વભાવની દૃષ્ટિ ન પ્રગટી હોય, પણ અસત્યનો આદર છોડીને સત્યનો આદર કર્યો, તેનામાં પણ તેટલો તો ફેર પડ્યો છે કે નહિ? ભવનો અભાવ તો સ્વભાવની દૃષ્ટિ કરશે ત્યારે જ થશે પણ ત્યાર પહેલા અસત્યનું પોષણ છોડીને સત્યના આદરનો ભાવ પણ જેને ન આવે તેને તો સ્વભાવમાં જવાની પાત્રતા પણ ક્યાંથી આવશે? અખંડ સ્વભાવની દૃષ્ટિ પ્રગટ્યા પહેલાં તેના બહુમાનપૂર્વક શ્રવણ-મનનનો ભાવ આવ્યા વગર રહેતો નથી. સત્યનો હકાર લાવીને તેનો આદરભાવ પણ જે પ્રગટ ન કરે તેને તો અંતરસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરવાનો અવસર પણ આવતો નથી. (ક્રમશઃ) ❊

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે? ૧૧૩. –શ્રી પ્રવચનસાર**

# અભયદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્મી જીવ સમ્યગ્દર્શનાદિ વડે જેમ પોતાનું દુઃખ ટાળવાનો ઉપાય કરે છે તેમ બીજા જીવો ઉપર પણ તેને કરુણાનો ભાવ આવે છે. જેને જીવદયા જ નથી તેને તો ધર્મ કે દાન સાચાં ક્યાંથી હોય?....ખરૂં અભયપણું એ છે કે જેનાથી ભવભ્રમણનો ભય ટળે, ને આત્મા નિર્ભયપણે સુખના પંથે વળે. અજ્ઞાન જ સૌથી મોટા ભયનું કારણ છે. સમ્યગ્જ્ઞાનવડે જ તે ભય ટળીને અભયપણું થાય છે; માટે જીવોને સમ્યગ્જ્ઞાનના માર્ગમાં જોડવા તે સાચું અભયદાન છે.

શ્રાવકધર્મના કથનમાં ચાર પ્રકારના દાનનું વર્ણન ચાલે છે; તેમાં આહારદાન, ઔષધદાન તથા જ્ઞાનદાન એ ત્રણનું વર્ણન થયું. હવે ચોથું અભયદાન, તેનું વર્ણન કરે છે—

(शार्दूलविक्रीडित)

सर्वेषामभयं प्रवृद्धकरुणैर्यद्दीयते प्राणिनां
दानं स्यादभयादि तेन रहितं दानत्रयं निष्फलम् ।
आहारौषधशास्त्रदानविधिभिः क्षुद्रोगजाड्याद्भयं
यत्तत्पात्रजने विनश्यति ततो दानं तदेकं परम् ।।११।।

અર્થ :—દયાળુ પુરુષો દ્વારા જે સર્વ પ્રાણીઓને અભય આપવામાં આવે છે અર્થાત્ તેમનો ભય દૂર કરવામાં આવે છે તે અભયદાન કહેવાય છે. તેનાથી રહિત બાકીના ત્રણ પ્રકારના દાન વ્યર્થ જાય છે. આહાર, ઔષધ અને શાસ્ત્રદાનની વિધિથી પાત્રજીવોનો ક્રમે ક્ષુધાનો ભય, રોગનો ભય અને અજ્ઞાનપણાનો ભય નષ્ટ થાય છે માટે જ તે એક અભયદાન જ શ્રેષ્ઠ છે. ૧૧.

અતિશય કરુણાવંત ભવ્યજીવો દ્વારા સમસ્ત પ્રાણીઓને જે અભય દેવામાં આવે છે તે અભયાદિ દાન છે. બાકીનાં ત્રણે દાન આ જીવદયા વગર નિષ્ફળ છે. આહારદાનથી ક્ષુધાનો ભય ટળે છે, ઔષધદાનથી રોગનો ભય મટે છે ને શાસ્ત્રદાનથી

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪. –શ્રી પ્રવચનસાર**

મૂર્ખતાનો ભય ટળે છે—એ રીતે એ ત્રણે દાનથી પણ જીવોને અભય જ દેવામાં આવે છે; માટે બધા દાનોમાં અભયદાન તે જ એક શ્રેષ્ઠ ને પ્રશંસનીય છે.

ધર્મી જીવ પોતાના આત્મામાં જેમ સમ્યગ્દર્શનાદિ વડે દુઃખ ટાળવાનો ઉપાય કરે છે તેમ બીજા જીવોને પણ દુઃખ ન થાય, તેમનું દુઃખ મટે એવો કરુણાનો ભાવ તેને હોય છે. જીવદયા પણ જેને ન હોય તેને તો એકેય દાન સાચાં હોતાં નથી. કોઈ જીવને હણવાની કે દુઃખ દેવાની વૃત્તિ ધર્મીને હોતી નથી; બધા જીવો પ્રત્યે કરુણા હોય છે. દુઃખી જીવો પ્રત્યે કરુણાપૂર્વક પાત્રઅનુસાર આહાર, ઔષધ કે જ્ઞાન વગેરે આપીને તેનો ભય મટાડે છે. જુઓ, આવા કૂણા પરિણામ શ્રાવકને સહેજે હોય છે.

ખરૂં અભયદાન તો તેને કહેવાય કે જેનાથી ભવભ્રમણનો ભય ટળે ને આત્મા નિર્ભયપણે સુખના પંથે વળે. અજ્ઞાન અને મિથ્યાત્વ જ જીવને સૌથી મોટા ભયનું ને દુઃખનું કારણ છે; સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થતાં તે ભય ટળીને આત્મા અભયપણું પામે છે. એટલે જીવોને સમ્યગ્જ્ઞાનના માર્ગમાં જોડવા તે મોટું અભયદાન છે. તેથી ભગવાનને પણ અભયદાતાર (અભયદયાણં) કહેવાય છે.

ભગવાન અને સંતો કહે છે કે હે જીવ! તું તારું સ્વરૂપ ઓળખીને નિર્ભય થા. શંકાનું નામ ભય છે; જેને સ્વરૂપમાં શંકા છે તેને મરણ વગેરેનો ભય કદી મટે નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવો જ નિઃશંક હોવાથી નિર્ભય છે, તેમને મરણાદિ સાત પ્રકારના ભય હોતા નથી. કુંદકુંદસ્વામી કહે છે કે—

સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત તેથી છે નિર્ભય, અને
છે સપ્ત ભય પ્રવિમુક્ત જેથી તેથી તે નિઃશંક છે.

સ્વરૂપની ભ્રાંતિ ટળી ત્યાં ભય ટળ્યો. દેહ જ હું નથી, હું તો આત્મા છું, ત્યાં મારે મરણ કેવું? ને મરણ જ નથી પછી મરણનો ભય કેવો? મિથ્યાત્વમાં મરણનો ભય હતો, મિથ્યાત્વ ટળ્યું ત્યાં મરણાદિનો ભય મટ્યો. આ સિવાય રોગાદિનો કે સિંહ-વાઘનો ભય થોડો કાળ ભલે મટે પણ જ્યાં સુધી આ ભય ન મટે ત્યાં સુધી જીવને સાચું સુખ થાય નહિ.—આ રીતે જ્ઞાની સમજાવે છે કે હે ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો; આ દેહ ને જન્મ-મરણ એ ખરેખર તારું સ્વરૂપ નથી; અજ્ઞાનથી તેં દેહને પોતાનો માની સુખ કલ્પ્યું છે તેથી તને રોગનો, ક્ષુધાનો, મરણાદિનો ભય લાગે છે. પણ દેહથી ભિન્ન

**અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,**
**વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.　　–શ્રી પ્રવચનસાર**

વજ્ર જેવું તારું જ્ઞાનસ્વરૂપ છે તે નિર્ભય છે, તેને અંતરમાં જોતાં પર સંબંધી કોઈ ભય તને રહેશે નહિ.—આ રીતે અભયસ્વરૂપ સમજાવીને જ્ઞાની સાચું અભયદાન આપે છે, તેમાં બધા દાન સમાઈ જાય છે. પણ જે જીવો આવું સમજવાની લાયકાતવાળા ન હોય એવા દુઃખી જીવો પ્રત્યે પણ શ્રાવક કરુણા કરીને, જે પ્રકારે તેનો ભય ઓછો થાય તે પ્રકારે તેને આહાર, ઔષધ વગેરેનું દાન આપે છે. પોતાના આત્માનો ભય ટાળ્યો છે ને બીજાને અભય દેવાનો શુભભાવ આવે છે—આવી શ્રાવકની ભૂમિકા છે. પોતાનો જ ભય જેણે ટાળ્યો નથી તે બીજાનો ભય ક્યાંથી મટાડશે? અજ્ઞાનીનેય જો કે કરુણાભાવ આવે ને દાનનો ભાવ આવે, તેમાં તેને પણ શુભભાવ છે, પણ જ્ઞાની જેવો ઉત્તમ પ્રકાર તેને હોતો નથી.

જુઓ, કેટલાક જીવો અસંયમી જીવો પ્રત્યે દયા-દાનના પરિણામને પાપ મનાવે છે, તે તો અત્યંત વિપરીતતા છે. ભૂખ્યાને કોઈ ખવડાવે, તરસ્યાને પાણી પાય, દુષ્કાળ હોય, ગાયો ઘાસ વગર મરતી હોય ને કોઈ દયાભાવથી તેને લીલું ઘાસ ખવડાવે, તો તેથી કાંઈ તેને પાપ નથી, એના દયાના ભાવ છે તે પુણ્યનું કારણ છે. જીવદયાના ભાવમાં પાપ મનાવે એને તો ઘણી વિપરીતતા છે. ધર્મ ચીજ તો હજી જુદી છે, પણ આને તો પુણ્ય ને પાપ વચ્ચેનો ય વિવેક નથી.


એવી રીતે કોઈ જીવો પંચેન્દ્રિય વગેરે જીવોની હિંસા કરીને તેમાં ધર્મ મનાવે છે,—એ તો મહાન પાપી છે. એવા હિંસામાર્ગને જિજ્ઞાસુ કદી માને નહિ. એક પણ જીવને હણવાનો કે દુઃખી કરવાનો ભાવ ધર્મી શ્રાવકને હોય નહીં. અરે વીતરાગમાર્ગને સાધવા આવ્યો એનાં પરિણામ તો કેટલા કોમળ હોય! પદ્મનંદીસ્વામી તો કહે છે કે મારા નિમિત્તે કોઈ પ્રાણીને દુઃખ ન થાઓ. કોઈને મારી નિંદાથી કે મારા દોષનું ગ્રહણ કરવાથી સંતોષ થતો હોય તો એ રીતે પણ તે સુખી થાઓ; કોઈને આ દેહ જોઈતો હોય તો દેહ લઈને તે સુખી થાઓ.—એટલે કે અમારા નિમિત્તે કોઈને ભય ન હો, દુઃખ ન હો. એટલે કે અમને કોઈ પ્રત્યે દ્વેષ કે ક્રોધ ન હો.... એમ પોતે પોતાના વીતરાગભાવમાં રહેવા માંગે છે. ત્યાં તો ચારિત્રવંત મુનિની મુખ્યતાથી વાત છે, તેમાં ગૌણપણે શ્રાવક પણ આવી જાય છે, કેમકે શ્રાવકને પણ પોતાની ભૂમિકા અનુસાર એવી જ ભાવના હોય છે. સામા જીવો પોતપોતાના ગુણ-દોષને કારણે અભયપણું પામો કે ન પામો—એ વસ્તુ એમને આધીન છે, પણ અહીં જ્ઞાનીને પોતાના ભાવમાં બધા જીવો પ્રત્યે અભય દેવાની વૃત્તિ છે. અમારો

**નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ-નિપન્ન છે;**
**કિરિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે. ૧૧૬. –શ્રી પ્રવચનસાર**

કોઈ શત્રુ નથી, અમે કોઈના શત્રુ નથી—એવી ભાવનામાં જ્ઞાનીને અનંતાનુબંધી કષાયોનો તદ્દન અભાવ છે. તે ઉપરાંત બીજા રાગ–દ્વેષાદિની પણ ઘણી મંદતા થઈ ગઈ છે; ને શ્રાવકને તો (પંચમ ગુણસ્થાને) એથી પણ ઘણો જ રાગ ટળી ગયો છે, ને હિંસાદિના પરિણામ છૂટી ગયા છે.—આ રીતે શ્રાવકના દેશવ્રતનું આ પ્રકાશન છે.

આત્માનો ચિદાનંદસ્વભાવ, તદ્દન રાગરહિત તે જેણે શ્રદ્ધામાં લીધો છે અથવા તો શ્રદ્ધામાં લેવા માંગે છે એવા જીવને રાગની કેટલી મંદતા હોય, દેવ-ગુરુ-ધર્મ તરફના પરિણામ કેવા હોય, સર્વજ્ઞની ઓળખાણ કેવી હોય–તે બધા પ્રકારો આ અધિકારમાં મુનિરાજે બહુ સરસ વર્ણવ્યા છે. સભામાં આ ત્રીજી વખત તે વંચાય છે. મહા પુણ્ય હોય ત્યારે જૈનધર્મનો ને સત્યના શ્રવણનો આવો યોગ મળે; તે સમજવા માટે અંતરમાં ઘણી પાત્રતા હોય છે. એક રાગનો કણિયો પણ જેમાં નથી એવા સ્વભાવનું શ્રવણ કરવામાં ને તેને સમજવાની પાત્રતામાં જે જીવ આવ્યો તેને સ્થૂળ અનીતિનો, તીવ્ર કષાયોનો, માંસ-મધ વગેરે અભક્ષ્યના ભક્ષણનો તથા કુદેવ-કુગુરુ-કુમાર્ગના સેવનનો તો ત્યાગ હોય જ; ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર, સાધર્મીનો પ્રેમ, પરિણામોમાં કોમળતા, વિષયોની મીઠાસનો ત્યાગ, વૈરાગ્યનો રંગ—એવી લાયકાત હોય છે. આવી પાત્રતા વગર એમ ને એમ તત્ત્વ પ્રણમી જાય–એવું નથી. ભરતચક્રવર્તીના નાની નાની ઉંમરના રાજકુમારો પણ આત્માના ભાન સહિત રાજપાટમાં હતા, તેમનું અંતર જગતથી ઉદાસ હતું. નાના રાજકુમારો રાજસભામાં આવીને બે ઘડી બેસે છે ત્યાં રાજભંડારમાંથી તેને કરોડો, સોનામહોર આપવાનું ભરત કહે છે. પણ નાનકડા કુમારો વૈરાગ્યથી કહે છે–પિતાજી ! એ સોનામહોર રાજભંડારમાં જ રહેવા દો....અમારે એને શું કરવી છે ? અમે તો મોક્ષલક્ષ્મીને સાધવા આવ્યા છીએ, પૈસા ભેગા કરવા આવ્યા નથી. પરની સાથે અમારા સુખનો સંબંધ નથી, પરથી નિરપેક્ષ અમારૂં સુખ અમારા આત્મામાં છે એમ દાદાજી (ઋષભદેવ ભગવાન) ના પ્રતાપે અમે જાણ્યું છે, ને એ જ સુખને સાધવા માંગીએ છીએ.—જુઓ, કેટલા ઉદાસ ! આ તો પાત્રતા સમજાવવા એક દાખલો આપ્યો. આ રીતે ધર્મની લાયકાતવાળા જીવને બધા પદાર્થો કરતાં આત્માના સ્વભાવનો ને દેવ-ગુરુ-ધર્મનો વિશેષ પ્રેમ હોય છે; ને સમ્યક્ ભાન સહિત તે રાગાદિને ટાળતો જાય છે. તેમાં વચ્ચે દેવપૂજા વગેરે કાર્યો કેવા હોય છે તે બતાવ્યું, તથા ચાર પ્રકારના દાનનું વર્ણન કર્યું. હવે તે દાનનું ફળ કહેશે.

નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને
અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭. –શ્રી પ્રવચનસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૧

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપ્રાભૃતમાં કહે છે :

જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;
શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.

—જેને આત્માની રુચિ નથી, તેના તરફનું વલણ નથી, તેના તરફનો અંદરમાં પ્રેમ નથી, તે બધાં ચાલતાં મડદાં છે.

જેને આત્માની ભાવના થાય તેને તેનું ફળ—સર્વજ્ઞપણું—જો ન આવે તો જગતને શૂન્ય થવું પડે. ભાવના જો ન ફળે તો પુણ્યનું ફળ જે સ્વર્ગ-મનુષ્ય ને પાપનું ફળ જે નરક-નિગોદ તેનો નાશ થઈ જાય; એમ થતાં જગત શૂન્ય થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ. તે શબ્દોની અંદર આ અર્થ ભર્યો છે. અહા! બોલ આવ્યો છે ઊંચો. ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે એનો અર્થ આવો છે.

જગત છે, પુણ્ય-પાપના ફળરૂપે સ્વર્ગ-નરક છે ને આત્માની ભાવનાના ફળરૂપે સિદ્ધપદ પણ છે. જો ભાવના ન ફળે તો ભાવનાના ફળરૂપ એ વસ્તુ જ રહેતી નથી.

યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ભાવના કોઈ નિષ્ફળ હોતી નથી. પાપભાવનાઓ નરકાદિપણે ફળે છે, શુભભાવનાઓ સ્વર્ગાદિપણે ફળે છે અને ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના માર્ગફળપણે—મોક્ષપણે—ફળે છે. જો ભાવનાઓ નિષ્ફળ જાય તો તે ભાવનાના ફળરૂપ સ્વર્ગ, નરક ને મોક્ષ વગેરેનો અભાવ

તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;
નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮. –શ્રી પ્રવચનસાર

થતાં જગતને—ચૌદ બ્રહ્માંડને—શૂન્યતા આવી પડે. ફળસ્થાનરૂપ ચૌદ બ્રહ્માંડ શૂન્ય થતાં તેના કારણરૂપ ભાવનાઓનો તથા તે ભાવનારૂપ પરિણમતા આ આત્માનો—દ્રવ્યનો—નાશ થઈ જાય; પણ એવું કદી બને જ નહિ.

અંદર ભગવાન આત્મામાં ચૈતન્યનાં જે બીજડાં વાવ્યાં તે ઊગીને કેવળજ્ઞાન ન થાય તો તે આત્મા જ રહી શકે નહિ એટલે કે આ દ્રવ્યનો જ—આત્માનો જ—નાશ થઈ જાય. જે પર્યાય છે, એનું ફળ ન આવે તો તે પર્યાય જ ન રહે અને જો પર્યાય ન રહે તો જેની એ પર્યાય છે તે દ્રવ્યનો જ અભાવ થઈ જાય—નાશ થઈ જાય.

જેવા પરિણામ કર્યા તેવું ફળ આવ્યા વિના રહે જ નહિ. ચાર ગતિ ને સિદ્ધદશા તે પરિણામનું ફળ છે. જો પરિણામનું ફળ ન આવે તો ચાર ગતિ ને સિદ્ધદશા નહિ રહી શકે. એમ થતાં પર્યાય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં જગતનો પણ નાશ થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ.

અહા! આ વાત પંચમ આરાનાં પ્રાણીઓને કહી છે. વસ્તુ છે તેને કાંઈ પાંચમો આરો નડતો નથી, કારણ કે શાસ્ત્રમાં જે કહ્યું છે તે પંચમ આરાના સાધુએ પંચમ આરાના જીવો માટે કહ્યું છે, ચોથા આરાના જીવને કહ્યું નથી.

પહેલાં 'જગતને શૂન્ય થવું પડે' એમ સમુચ્ચયે વાત કરી. હવે કહે છે કે જો ભાવના ન ફળે તો આ દ્રવ્યનો નાશ થઈ જાય, એટલે કે ભાવનાનું ફળ જે દ્રવ્યની પૂરણ અવસ્થા તે જો ન થાય તો તે દ્રવ્ય જ રહી શકે નહિ, તેનો નાશ થાય.

પ્રશ્ન :—પોતાની ભાવના પોતાને ન ફળે એમાં જગતને શૂન્ય શા માટે થવું પડે ?

ઉત્તર :—જગત ચૈતન્યના પરિણામ સાથે કુદરતે બંધાયેલું છે, સંકળાયેલું છે. કુદરત એટલે દ્રવ્યનો એવો સ્વભાવ. ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. તેની ભાવના જો નિષ્ફળ હોય તો ભાવનાના ફળભૂત જે આ ઊપજવાનાં સ્થાનરૂપ ચારગતિમય જગત, તે જ સિદ્ધ ન થાય. એમ થતાં ભાવના, ભાવનાનું ફળ ને ભાવના કરનાર દ્રવ્ય—કાંઈ પણ રહે નહિ, બધું નાશ થઈ જાય. પણ એમ કદી બને નહિ.

બેન રાત્રે થોડું બોલ્યાં હશે. બેનો–દીકરીઓએ તે લખી લીધું હશે. અહા!

**નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,**
**કારણ જનમ તે નાશ છે; વળી જન્મ-નાશ વિભિન્ન છે. ૧૧૯. –શ્રી પ્રવચનસાર**

આત્માના સમ્યગ્દર્શન ને અનુભૂતિમાંથી આ વાણી આવી છે; અનુભૂતિમાંથી આ લખાયું છે.

અહા! જોર અંદર અપ્રતિહત ભાવનાનું છે. જો ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના થઈ તો આત્મા પૂરણ થયે જ છૂટકો. તેમાં કોઈ વિઘ્ન-બિઘ્ન આવશે નહિ. આ તો અંદરના જોરની વાત છે. અહા! બધા આત્મા એક સમયની વર્તમાન પર્યાય સિવાય અંદર ભગવાનસ્વરૂપ જ છે. નિગોદથી માંડી સિદ્ધ સુધી દ્રવ્ય જે છે તે તો ત્રિકાળ નિરાવરણ છે, આનંદકંદ છે, અવિનાશી છે. આવી ચીજની અંતરમાં દૃષ્ટિ થઈ, આવી ચીજની અંતર ભાવના થઈ અને તે ચીજ—આત્મા—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ.

પ્રશ્ન :—પ્રાપ્ત થતો નથી તેનું શું કારણ?

ઉત્તર :—આત્માને પકડવા માટે જેટલો જોઈએ એટલા પુરુષાર્થનો અભાવ છે, માટે પ્રાપ્ત થતો નથી. અહા! ભગવાન આત્મા—સચ્ચિદાનંદ પ્રભુ—એ તો અનંત ગુણનો દરિયો છે, અનંત ગુણનો સાગર છે. તે ચીજ પકડવામાં આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ભાવના થાય, ને કેવળજ્ઞાન ન થાય અને દ્રવ્ય પૂર્ણ પર્યાયપણે ન પરિણમે એ ત્રણ કાળમાં બને નહિ.

સમયસારની ૩૮મી ગાથાની ટીકામાં કહ્યું છે : અપ્રતિબુદ્ધ જ્યારે સમકિત પામ્યો ત્યારે તે કહે છે કે—મારું સમકિત નહિ પડે. સાધકભાવ છે તો આત્માને સાધ્યભાવ પ્રગટ થશે જ.—એવો જ ભાવ લીધો છે; પડી જાય એની વાત ત્યાં લીધી જ નથી.　　　　　　　　　　　　(ક્રમશઃ)

---

જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ થાય છે અને સ્થિર થવાથી આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે; જે મુદ્રા જોવાથી કેવળ ભગવાનનું સ્મરણ થઈ જા. છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઈ જાય છે. પંડિત બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો પ્રત્યક્ષ મહિમા છે. જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત થાય છે.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચતુર્દશ ગુણસ્થાનાધિકાર, પદ-૨)

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—ચૈતન્યસ્વરૂપ આત્માનું જ ગ્રહણ કરવાનું કહ્યું, પરંતુ 'હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું' એમ લક્ષમાં લેવા જતાં પણ ભેદનો વિકલ્પ તો આવ્યા વગર રહેતો જ નથી ? તો પછી વિકલ્પરહિત આત્માનું ગ્રહણ કઈ રીતે કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રથમ ભૂમિકામાં ગુણ-ગુણીભેદ વગેરેનો વિચાર આવશે ખરો, પણ આત્માના ચૈતન્ય લક્ષણથી તેને જુદા જાણીને અભેદ ચૈતન્ય તરફ ઢળજે. ભલે ભેદ વચ્ચે આવો, પણ મારા ચૈતન્યમાં તો ભેદ નથી. 'ચૈતન્ય અવસ્થાનો હું કર્તા, ચૈતન્યમાંથી હું કરું, ચૈતન્યવડે કરું' ઈત્યાદિ છ કારક ભેદના વિચાર ભલે આવે પણ યથાર્થપણે છએ કારકોમાં ચૈતન્યવસ્તુ એક જ છે, તે ચૈતન્યમાં કોઈ ભેદ નથી. આમ, ચૈતન્યસ્વભાવની મુખ્યતા કરીને અને ભેદને ગૌણ કરીને સ્વરૂપસન્મુખ થઈને ભાવના કરતાં જ ચૈતન્યનું ગ્રહણ થાય છે, તે જ સમ્યગ્દર્શન છે, અને તે જ ઉપાયથી મોક્ષ થાય છે.

શ્રોતા :—આપ સત્ સમજવાનો અપાર મહિમા બતાવો છો. તેથી શું લાભ ? અમે તો વ્રતાદિ કરવામાં માનીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વભાવની રુચિપૂર્વક જે જીવ સત્ સમજવાનો અભ્યાસ કરે છે તે જીવને ક્ષણેક્ષણે મિથ્યાત્વભાવ મંદ પડતો જાય છે. એક ક્ષણ પણ સમજવાનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી.

અજ્ઞાની જીવ વ્રતાદિમાં ધર્મ માનીને જે શુભભાવ કરે તેના કરતાં સત્ સમજવાના લક્ષે જે શુભભાવ થાય છે ઊંચી જાતનો છે. વ્રતાદિમાં ધર્મ માનીને જે શુભભાવ કરે છે તે જીવને તો અભિપ્રાયમાં મિથ્યાત્વ પોષાતું જાય છે અને સત્ સમજવાના લક્ષે તો ક્ષણે ક્ષણે મિથ્યાત્વ તૂટતું જાય છે. અને જેને સત્ સમજવામાં આવી જાય તેની તો વાત જ શું ?

**તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;**
**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦. –શ્રી પ્રવચનસાર**

## ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
# વૈરાગ્યપ્રેરક હૃદયોદ્‌ગારો



- અનંતકાળથી અનંતી વેદના સહી છતાં કંટાળો કાં ન આવે ? ધ્રુજારી કાં ન છૂટે ? સત્યની તાલાવેલી કાં ન જાગે ? સંસારમાં એકાંત દુઃખ કાં ન લાગે ? હજુ સંસારમાં એકાંત દુઃખ આ જીવને લાગ્યું જ નથી, નહિતર સંસાર પાછળ આટલો બધો ન મરી પડે.
- જેમ બને તેમ સંસારની પ્રીતિ ઓછી કરવી, તેમ કર્યા વિના છૂટકો નથી, તેમ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. જો આપણે ખરેખરા આ પર્યટનથી થાક્યા હોઈએ, ''હવે ઘણી થઈ'' એમ લાગતું હોય, ને વિશ્રાંતિ લેવા ઇચ્છતા હોઈએ, તો પુરુષાર્થ કર્યા વિના, તાલાવેલી જગાડ્યા વિના, ઉદાસીનતાં વિના અને વૈરાગ્યની ધારા વિના ત્રણ કાળમાં આત્મસ્વરૂપને પામવાનાં નથી.
- જગતમાં પુણ્ય-પાપના ઉદયો તો બનતા રહે છે, ચોથાકાળમાં પણ જ્ઞાની ધર્માત્માઓને પાપના ઉદયો આવે છે, ત્યારે આ તો પંચમકાળ છે, પોતે હિંમત રાખીને આત્માનું શરણ લેવું, પુરુષાર્થ કરી મનને ધર્મમાં લગાવવું એ જ મનુષ્યજીવનમાં કરવા જેવું છે.
- એટલું તો પોતાને લાગે છે ને ? કે બહારમાં કાંઈ સારભૂત નથી, સુખ દેખાતું નથી, આ બધું ગમે તેટલું કરીએ તો પણ સંતોષ આવતો નથી, તૃપ્તિ થતી નથી. સુખ સ્વરૂપ વસ્તુ (પોતાનો આત્મા) અંતરમાં છે, બહારથી સંતોષ નથી આવતો અને જે સુખનું ધામ છે તે પ્રગટ થાય પછી બીજી ઈચ્છા જ નથી થતી, એવી કોઈ વસ્તુ અંતરમાં છે, સુખનું ધામ પોતાનો આત્મા છે તેવો વિશ્વાસ કર.
- તારાથી આત્મ પ્રાપ્તિનો તીખો પુરુષાર્થ ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે કે, મારે હજી ઘણું કરવાનું બાકી છે એમ માનીશ તો તને અંદરથી પુરુષાર્થ કરવાનો અવકાશ રહેશે. પણ શુભભાવ કરી તું એમ માનીશ કે મેં ઘણું કર્યું તો આગળ જવાનો અવકાશ નહિ રહે.

**કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,**
**તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.** –શ્રી પ્રવચનસાર

## બાળ વિભાગ

## મૂરખ સિંહ અને ચાલાક વાંદરો



આત્મા સિંહ જેવો શૂરવીર છે, પણ તે પોતાને ભૂલીને અજ્ઞાનથી કેવો દુઃખી થાય છે, તે વાત આ બોધચિત્ર આપણને સમજાવે છે.

એક હતો સિંહ, એને ભૂખ લાગી. જંગલમાં એક ઝાડ ઉપર વાંદરો હતો, નીચે તેની છાયા હતી. સિંહને થયું કે મને સરસ શિકાર મળ્યો. પણ વાંદરો તો ઊંચે બેઠો હતો—એટલે સિંહે વાંદરાના પડછાયા ઉપર તરાપ મારી.

ત્યારે ડાળી ઉપર ઊંચે બેઠેલો વાંદરો કહે છે કે અરે વનના રાજા! હું તો અહીં ડાળી ઉપર બેઠો છું. એ પડછાયામાં કાંઈ હું નથી, પડછાયાથી તારું પેટ નહીં ભરાય, માટે નકામી મહેનત ન કર! પડછાયા ઉપર તું ગમે તેટલા વલખાં માર....તારા હાથમાં કાંઈ આવવાનું નથી. છતાં મૂરખ સિંહ તો પડછાયા ઉપર પંજા મારી મારીને વલખાં મારતો રહ્યો.—ને અંતે હેરાન થઈને થાક્યો! તેના હાથમાં કાંઈ આવ્યું નહીં.

તેમ જગતનો રાજા, એવો આ ચૈતન્યસિંહ આત્મા, તેને સુખની ભૂખ લાગી છે, તે છાયા જેવા બાહ્ય વિષયોમાં સુખ લેવા માગે છે ને તે વિષયો તરફ ઝાંવાં નાંખી-નાંખીને દુઃખી થાય છે.

ત્યારે કોઈ જ્ઞાની તેને સમજાવે છે કે : અરે જીવ! સુખ તો તારા આત્મામાં છે. પડછાયા જેવા શરીરમાં કે વિષયોમાં સુખ નથી, માટે તું બહારમાં સુખ ન શોધ. બાહ્ય વિષયો પ્રત્યે તું ગમે તેટલા વલખા માર, તેમાંથી તને કદી સુખ મળવાનું નથી. આ રીતે આ ચિત્ર ભેદજ્ઞાન કરાવી સુખનો સાચો રસ્તો બતાવે છે.

# ચાલાક સિંહ અને મૂરખ વાંદરો

(તમે એક....વાર્તા વાંચી, તેમાં જે સિંહ અને વાંદરો હતા. તેના કરતાં આ બીજી કથામાં બીજો વાંદરો, બીજો સિંહ છે. પહેલી કથામાં તો સિંહ મૂરખ હતો ને વાંદરો ચાલાક હતો. હવે આ બીજી કથામાં વાંદરો મૂરખ છે ને સિંહ ચાલાક છે. ભેદજ્ઞાનરૂપ તાત્પર્ય બંને કથામાંથી સરખું જ નીકળે છે. આ કથા ગુરુદેવના પ્રવચન ઉપરથી લખી છે.)

એક ઝાડ ઉપર વાંદરો રહેતો હતો, ત્યાં એક સિંહ આવ્યો, તે સિંહને વાંદરાના શિકારનું મન થયું. ઊંચે બેઠેલો વાંદરો તેના હાથમા આવે તેમ ન હતો. પણ સિંહ ચાલાક હતો. તેણે જોયું કે આ મૂરખ વાંદરો નીચેની છાયાને પોતાની જ માની રહ્યો છે ! એટલે તેણે વાંદરા સામે જોરથી ગર્જના કરી ને નીચે તેની છાયા ઉપર પંજો માર્યો.

છાયા ઉપર પંજો પડતાં વાંદરો તો બી ગયો કે હાય, હાય ! સિંહે મને પંજો માર્યો ! એમ ભયભીત થઈને તે નીચે પડ્યો ! પણ મૂરખાને ખબર નથી કે પંજો તો છાયા ઉપર પડ્યો છે. પોતે તો છાયાથી જુદો (ઝાડ ઉપર) સલામત બેઠો છે.—જુઓ, અજ્ઞાનને લીધે છાયાને પોતાની માનીને મૂરખ વાંદરાએ પ્રાણ ખોયા.

તેમ જીવની છાયા જેવું આ જડ શરીર, તેના ઉપર રોગાદિ થતાં કે મૃત્યુરૂપી સિંહનો પંજો પડતાં, વાંદરાની જેમ મૂરખ અજ્ઞાની જીવ પોતાનું જ મરણ સમજીને ભયભીત થાય છે કે હાય ! હું મરી ગયો, હાય મને રોગ થયો.

પણ ભાઈ, એ તો બધું શરીરમાં છે, તારામાં નહીં. તું તો શરીરથી જુદો અરૂપી—શાશ્વત ચૈતન્યમૂર્તિ છો. ચૈતન્યના ઊંચા ઝાડ ઉપર તારો આત્મા સલામત છે, તારું ચૈતન્યજીવન સલામત છે, તને કોઈ મારી શકે નહીં.

આ રીતે આ ચિત્ર એવો બોધ આપે છે કે ''હે જીવ ! તું શરીરથી ભિન્ન આત્માને જાણીને નિર્ભય થા ! આત્માનું મરણ જ નથી પછી ભય કેવો ?''

---

કોઈ કહે કે સંસાર અનંત છે તે કેમ મટે ? તેનું સમાધાન—વાંદરાનું ફસાવું એટલું જ કે પડછાયાને પોતે માનવું, પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી, કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે. કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે ત્યાં સુધી તેને ભય છે, મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે. તેથી જ તે દુઃખી છે. તેમ આત્મા પરને પોતારૂપ માને છે, તેટલો જ સંસાર છે, ન માને તો મુક્ત જ છે. (શ્રી દીપચંદજી, ચિદ્‌વિલાસ, પાનું ૧૦૬)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૨૮-૧૧-૨૦૧૫, શનિવારથી કારતક વદ ૭ તા. ૨-૧૨-૨૦૧૫, બુધવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૨-૧-૨૦૧૬ શનિવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

### સુવર્ણપુરીમાં પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૫, શુક્રવારથી તા. ૩૦-૧૨-૧૫, બુધવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રી બિપીનકુમાર રતિલાલ શાહ પરિવાર, ગાંધીનગરના સૌજન્યથી પંદરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

### ❃ ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ(દીપાવલી) સાનંદ સંપન્ન ❃

ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરીના પરમાગમ મંદિરમાં શ્રી પંચકલ્યાણક વિધાન પૂજાનું આયોજન થયું હતું. ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણકના દિવસે નિર્વાણલાડુ ચઢાવવાનો લાભ (૧) અનિલભાઈ બાબુલાલ શાહ પરિવાર હસ્તે મેહુલભાઈ તથા (૨) શ્રીમતી ભાનુમતી સતીશભાઈ દોશી પરિવાર હસ્તે હિતેશભાઈને પ્રાપ્ત થયો હતો.

### ❃ દ્વિતીય દીપાવલી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સોનગઢમાં સાનંદ સંપન્ન ❃

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–દાદરના સૌજન્યથી તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આયોજિત દ્વિતીય દીપાવલી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર તા. ૧૧-૧૧-૧૫ થી તા. ૧૫-૧૧-૧૫ના રોજ સાનંદ સંપન્ન થઈ હતી.

તા. ૧૧-૧૧-૧૫ના દીપાવલીના મંગલ દિને સવારે પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણકારી સીડી પ્રવચન પછી સ્વાધ્યાયમંદિરમાં આ શિબિરનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ, ટ્રસ્ટીઓ અને સૌજન્યકર્તા દાદર મુમુક્ષુમંડળના સભ્યો (ગુણવંતરાય ભાયાણી, જયસુખભાઈ ખાટડિયા, અંજનભાઈ શાહ તથા પ્રદીપભાઈ કામદાર વગેરે) તથા મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું.

શિબિરાર્થી બાળકો માટે સુવર્ણપુરીના વિવિધ જિનાલયોમાં અભિષેક-પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, તથા ચતુર્સ્તરીય શિક્ષણવર્ગ દિવસમાં ત્રણ કલાક ચાલતા હતા. આ શિક્ષણવર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી નિતિનભાઈ શેઠ, બ્ર. કોકિલાબેન, શ્રીમતી ભાવિતાબેન (બોરીવલી) વગેરે દ્વારા સુંદર અધ્યાપન કરાયું હતું. તદ્‌ઉપરાંત રાત્રે બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શ્રી નિતીનભાઈ શેઠ તથા શ્રી અતુલભાઈ કામદારે કર્યું હતું. આ શિબિરનો ૧૫૦ બાળકો તથા ૧૫૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. શિબિરનો લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્રના મંડળો તથા હિન્દી પ્રદેશોમાંથી પણ બાળકો તથા વાલીઓ આવ્યા હતા. આ શિબિરની વ્યવસ્થામાં દાદર મંડળના સભ્યોનો સહયોગ પ્રશંસનીય રહ્યો. શિબિરાર્થીઓને આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. શિબિરાર્થી બાળકોને સૌજન્યકર્તા તરફથી આવવા-જવાનો ખર્ચ પણ આપવામાં આવેલ હતો. શિબિરાર્થીઓ તથા અન્ય મહેમાનોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર :–

ઉમરાળાનિવાસી (હાલ માટુંગા-મુંબઈ) શ્રી કળાબેન નંદલાલ મહેતા (ઉ.વ. ૮૭)નું તા. ૧૬-૪-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

વિંછીયાનિવાસી (હાલ વડોદરા) શ્રી હસમુખલાલ ચંપકલાલ ડગલી (ઉ.વ. ૭૬)નું તા. ૧૨-૧૦-૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## (૩૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના પ્રકરણ બીજામાંથી મળશે.

(૧) ક્રિયાવતી શક્તિ અને વૈભાવિક શક્તિ એ બંને ગુણો ............ અને .............. દ્રવ્યોમાં જ છે.

(૨) આત્માની શક્તિ-સામર્થ્ય (બળ)ને .................. ગુણ કહે છે.

(૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક જે રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને ................. જ્ઞાન કહે છે.

(૪) અજડત્વ ............... દ્રવ્યનો અનુજીવી ગુણ છે.

(૫) ચેતનાના બે પ્રકાર (૧) ................ અને (૨) ................ છે.

(૬) ચક્ષુઈન્દ્રિય છોડી બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા મતિજ્ઞાન થયા પહેલા જે સામાન્ય પ્રતિભાસ થાય તેને ................. દર્શન કહે છે.

(૭) ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં અચેતનપણું અને અમૂર્તપણું એ બંને .................... ગુણો એક સાથે હોય છે.

(૮) સર્વ દ્રવ્યમાં હોય તેને ............... ગુણ કહે છે.

(૯) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને .............. ગુણ કહે છે.

(૧૦) જે દ્રવ્યો બીજામાં ભળતા નથી તેમાં ................. ગુણ કારણભૂત છે.

(૧૧) જે શક્તિના કારણે દ્રવ્યમાં અર્થક્રિયા (પ્રયોજનભૂત ક્રિયા) હોય તેને ............... ગુણ કહે છે.

(૧૨) પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ, કાળ દ્રવ્યોનો ............... આ અનુજીવી ગુણ છે.

(૧૩) સર્વ દ્રવ્યોમાં ન હોય અને પોતપોતાના દ્રવ્યમાં હોય તેને ................... ગુણ કહે છે.

(૧૪) છએ દ્રવ્યો તથા તેમનાં ગુણ પર્યાયની સ્વતંત્રતાની મર્યાદા ............... ગુણથી હોય છે.

(૧૫) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર હોય છે તેને ................. ગુણ કહે છે.

(૧૬) અવધિજ્ઞાનનાં પહેલા થવાવાળા પ્રતિભાસને .................... દર્શન કહે છે.

(૧૭) પ્રાણના બે ભેદ છે. (૧) ................... (૨) ...................

(૧૮) શ્રી આદિનાથ ભગવાન બિરાજતા હતાં ત્યારે આપણે વિદ્યમાન હતા તે આપણાં ................ ગુણના આધારે માનશું.

(૧૯) ગુણોનાં બે પ્રકાર (૧) ..................... અને (૨) .................

(૨૦) કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને ................... દર્શન કહે છે.

---

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો નવેમ્બર-૨૦૧૫ના ઉત્તરો

(૫૮૧) મેઘરથ
(૫૮૨) મરુદેવી
(૫૮૩) મિથિલા
(૫૮૪) મનોહર
(૫૮૫) મહેન્દ્રદત્ત
(૫૮૬) મેરુમંદિર
(૫૮૭) મલ્લિસેન
(૫૮૮) મિત્રધર
(૫૮૯) મઘવા
(૫૯૦) મધુકૈટભ
(૫૯૧) મહાવીર
(૫૯૨) મહાભીમ
(૫૯૩) મહાકાલ
(૫૯૪) મેઘપ્રભ
(૫૯૫) મહાભદ્ર
(૫૯૬) મલ્લીનાથ
(૫૯૭) મહાપદ્મ
(૫૯૮) મહાવદ
(૫૯૯) મુનિસુવ્રત
(૬૦૦) મહાવીર

## (૩૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) પુદ્‌ગલના પરમાણુઓની સ્કંધરૂપ અવસ્થા .............. ગુણના કારણે થાય છે. (રસ, સ્પર્શ, વર્ણ)

(૨) ............ દ્રવ્યનો અસ્તિકાયમાં સમાવેશ નથી. (કાળ, આકાશ, જીવ)

(૩) વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશીપણું એ ત્રણ લક્ષણો સાચા ...........ના છે. (દેવ, ગુરુ, શ્રાવક)

(૪) છઢાળાના રચયિતા ...................... છે. (પં. દૌલતરામજી, પં. જયચંદજી, પં. ટોડરમલજી)

(૫) સીમંધર આદિ વીસ તીર્થંકર ભગવાન .............. ક્ષેત્રમાં હાલ બિરાજી રહ્યા છે. (ભરત, ઐરાવત, મહાવિદેહ)

(૬) જ્ઞાનના .................. ભેદ છે. (ત્રણ, ચાર, પાંચ)

(૭) સુવર્ણપુરી સોનગઢમાં પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત .............. મંદિરમાં કોતરાયેલા છે. (સ્વાધ્યાય, નંદીશ્વર, પરમાગમ)

(૮) સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ શક્તિને ............... ગુણ કહે છે. (વીર્ય, અગુરુલઘુ, અવ્યાબાધ)

(૯) સ્વસ્વરૂપમાં સ્થિરતા કરવી એ ............ ગુણની પર્યાય છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર)

(૧૦) દ્રવ્યનો આકાર ............... ગુણના કારણે હોય છે. (દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ)

(૧૧) ............... ભગવાનનો પાંચ બાલયતિમાં સમાવેશ નથી. (મલ્લિનાથ, મહાવીર, શાંતિનાથ)

(૧૨) પૂજ્ય બહેનશ્રીને સૌ પ્રથમ વખત પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિચય વિ.સં. ........... ની સાલમાં થયેલ. (૧૯૮૫, ૧૯૮૪, ૧૯૯૦)

(૧૩) અભાવના .............. ભેદ છે. (ચાર, બે, ત્રણ)

(૧૪) સાત તત્ત્વ મારફત ............ ને જાણી શકાય છે. (કર્મ, શુદ્ધાત્મા, પુણ્ય-પાપના ભાવ)

(૧૫) પુષ્પદંત ભગવાનનું ચિહ્ન ............... છે. (હાથી, માછલી, મગર)

(૧૬) તીર્થંકર ભગવાનનું પુરાણ એ ................ નું શાસ્ત્ર છે. (દ્રવ્યાનુયોગ, પ્રથમાનુયોગ, ચરણાનુયોગ)

(૧૭) શ્રી કુંદકુંદાચાર્યદેવના તીર્થની પ્રભાવના .................... એ કરી છે.
(શ્રીમદ્ રાજચંદ્ર, પૂજ્ય બહેનશ્રી, પૂજ્ય ગુરુદેવશ્રી)

(૧૮) પુદ્ગલ દ્રવ્યના .............. ભેદ છે. (ચાર, બે, છ)

(૧૯) નાનામાં નાનો નિગોદનો જીવ ....................... પ્રદેશી હોય છે.
(અનંત, સંખ્યાત, અસંખ્યાત)

(૨૦) દેવના જીવોને નિયમથી .............. જ્ઞાન હોય છે. (અવધિ, મનઃપર્યય, કેવળ)

## બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર–૨૦૧૫ના ઉત્તર

(૫૮૧) લોકાકાશ
(૫૮૨) અલોકાકાશ
(૫૮૩) લોકાકાશ – અલોકાકાશ
(૫૮૪) પુદ્ગલ
(૫૮૫) ચાર
(૫૮૬) સંસારી – સિદ્ધ
(૫૮૭) અસ્તિકાય
(૫૮૮) એક પ્રદેશી
(૫૮૯) નિશ્ચયકાળ – વ્યવહારકાળ
(૫૯૦) દ્રવ્ય
(૫૯૧) જીવ – પુદ્ગલ
(૫૯૨) અસ્તિકાય
(૫૯૩) પરમાણુ – સ્કંધ
(૫૯૪) અરૂપી
(૫૯૫) વિશ્વ
(૫૯૬) અનંત
(૫૯૭) આકાશ
(૫૯૮) અનંત–લોકાકાશ
(૫૯૯) અરૂપી
(૬૦૦) લોકાકાશ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાયેલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ. ૧૪૮.

● પ્રશ્ન : આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ?

ઉત્તર : અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભભાવમાં વ્યાપક થઈને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઈએ તો પુણ્ય-પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્‌ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્‌ગલનું કાર્ય છે. પુદ્‌ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની યોગ અને ઉપયોગ (રાગ)નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે. ૧૪૯.

● જેમ ભક્તિ આદિ બંધનું કારણ છે તેમ શાસ્ત્ર ભણતર પુણ્યબંધનું કારણ છે. પણ તેમાંથી નીકળીને જ્ઞાયકનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. શાસ્ત્ર કહે છે કે શું? આચારાંગાદિમાં કહે છે શું– કે આત્માનો અનુભવ કરવો. પરથી, રાગથી ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવું તે શાસ્ત્રભણતરનો ગુણ છે પર અભવીને તેનો અભાવ હોવાથી તે અજ્ઞાની છે, આત્મા શુદ્ધજ્ઞાનમય છે કે જે શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી પણ રહિત છે. એવા આત્માનું જેને જ્ઞાન નથી તે શાસ્ત્ર ભણ્યો પણ તેથી શું? ૧૫૦

● પ્રશ્ન :—તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?

સમાધાન :—આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?—કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧

Posted at Songadh PO
Publish on 1-12-2015
Posted on 1-12-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## પ્રત્યેક જીવ પરમાત્મસ્વરૂપ છે.

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર અને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય. પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org